પ્રસ્તાવના.

કવિતારૂપે લખેલા ગ્રંથો વાંચવાસાંભળવાનો ચાલ અસલથી ચાલતો આવેલોછે. કેટલાંક કાવ્ય સજ્ઝાયાદિક એવાં તો વૈરાગ્યકારક હોયછે કે તેથી વાંચનાર સાંભળનાર પ્રાણીને જ્ઞાન ઉત્પન્ન થઈ પરમપદની પ્રાપ્તી થાયછે, કારણ કે તે સજ્ઝાયાદિક કાવ્ય અગાઉના જ્ઞાની અને સત્પુરૂષોનાં જ બનાવેલાં હોયછે અને તેથી તેવા પુરૂષોની વાણી સારૂં ફળ આપે એ નિર્વિવાદ છે. માટે દરેક જૈન ભાઈએ આ સજ્ઝાયમાળાનો થોડો ભાગ પણ નિત્ય વાંચવા સાંભળવાનો નિયમ રાખવો.

સજ્ઝાયમાળાનો પેહેલો તથા બીજો ભાગ જૈનધર્મ હિતેચ્છુ શાહ કચરાભાઈ ગોપાળદાસે છપાવી જૈનીભાઈઓની સારી સેવા બજાવી છે. અસ્તુ બન્ને ભાગની ત્રણ ત્રણ આવૃત્તિઓ છપાઈ ગઈ છે તે ઉપરથી સમજાય છે કે જ્ઞાનનાં પુસ્તકોપર જૈનીભાઈઓની અભિરૂચિ ઘણી સારી છે. દૈવયોગે કચરાભાઈ ગોપાળદાસ સંવત ૧૯૫૫ માં ગુજરી જવાથી ત્રીજો ભાગ કોઇ છપાવી શક્યું નહીં, તે કામ મેં હાથપર લઈ આ સજ્ઝાયમાળા છપાવી પ્રગટ કરી છે.

પેહેલા ભાગમાં દોઢસોથી પણ થોડી સજ્ઝાયો છપાઈછે અને બીજા ભાગમાં પણ તેટલીજ છે. પરંતુ આ ત્રીજા ભાગમાં તો તેના કરતાં લગભગ બમણી સજ્ઝાયો સમાવેલ છે અને તે પણ છેક નવીજ, એટલે પેહેલા કે બીજા ભાગમાં આવેલ એક પણ સજ્ઝાય આ ત્રીજા ભાગમાં લીધી નથી.

આ ત્રીજા ભાગમાં, સજ્ઝાયો ઉપરાંત કોઇ કોઇ ઠેકાણે ઘણાં ઉપદેશકારક અધ્યાત્મિક પદ, પ્રભાત, હોરી, ઠુમરી, લાવણી, બારમાસી, વાર તથા તિથિઓ પણ દાખલ કરેલ છે. છેવટે ઉપદેશદાયક છૂટા બોલ દાખલ કીધા છે. જેથી તે પ્રથમના બે ભાગ કરતાં ઘણીજ ઉપયોગી થઇ પડે તેમ છે.

લલ્લુભાઈ ઈશ્વરદાસ.
ઠે. મદનગોપાળની હવેલી,
અમદાવાદ.

શ્રી.

સજ્ઝાયમાળાની અનુક્રમણિકા.

॥ અથ પ્રશ્નોત્તરવાક્યરત્નસંગ્રહઃ ॥

॥ પ્રશ્ન. જગતમાં આદ્ય શું છે? ઉત્તર. ગુરૂવાક્ય. પ્ર० ત્યાજ્ય શું? ઉ० સંસારકાર્ય. પ્ર० ગુરૂ કોણ? ઉ० દિક્ષાતત્ત્વ તથા જીવદયાતત્પર હોય તે. પ્ર० ઉત્તમજનને શીઘ્ર કર્ત્તવ્ય શું છે? ઉ० સંસાર વૃદ્ધિના કાર્યનું છેદન. પ્ર० મોક્ષતરૂબીજ કયું? ઉ० સક્રિય સમ્યગ્ જ્ઞાન. પ્ર० જીવને પરલોક જતાં પાથેય શું? ઉ० કરેલું ધર્મારાધન. પ્ર० પવિત્ર જન કોણ? ઉ० શુદ્ધ મનવાલો. પ્ર० નિદ્રાવાન્ કોણ? ઉ० વિવેકી જન. પ્ર० વિષ કયું? ઉ० ગુરૂમાં અવિશ્વાસ તે. પ્ર० સંસારમાં સાર શું છે? ઉ० પોતાનું વા પરનું સારૂં કરવું તે, અથવા ઉદ્યોગ કરવો તે. પ્ર० મદિરાપાન કયું? ઉ० મોહનું ઉત્પન્ન થવું તે. પ્ર० સ્નેહ કોને કહેવો? ઉ० સુધર્મમાં સ્નેહ તે. પ્ર० ચોર કોણ? ઉ० પંચેંદ્રિયના જે વિષયો તે. પ્ર० સંસારવલ્લી કઈ? ઉ० તૃષ્ણા. પ્ર० વૈરી કોણ? ઉ० અનુદ્યોગ. પ્ર० જગતમાં ભય કોનો છે? ઉ० રણનો. પ્ર० ઘણોજ અંધ કોણ? ઉ० સંસારરાગી. પ્ર० શૂરવીર કોણ? ઉ० કામિનીના કટાક્ષથી નહિં પીડા પામે તે. પ્ર० શ્રવણીય શું? ઉ० સદુપદેશ. પ્ર० મહત્તાનું મૂલ કયું? ઉ० અયાચના. પ્ર० પાર ન પમાય એવું શું? ઉ० સ્ત્રીચરિત્ર. પ્ર० ચતુર કોણ? ઉ० સ્ત્રીચરિત્રથી અખંડિત રહે તે. પ્ર० દારિદ્ર કયું કયું? ઉ० અસંતોષ. પ્ર० લઘુ શું? ઉ० યાચના કરવી તે. પ્ર० જીવિત શું? ઉ० પરહિત કરતાં જીવવું તે. પ્ર० જાડ્ય શું? ઉ० બુદ્ધિમત્તા છતાં વિદ્યાભ્યાસ રહિતત્વ હોય તે. પ્ર० જાગ્રત કોણ? ઉ० વિવેકી જન. નિદ્રા કઇ? ઉ० મૂર્ખપણું. પ્ર० યૌવન, ધન, આયુ, તે કેવાં છે? ઉ० કમલપત્રપર પડેલા પાણીના ટીપા જેવાં છે. પ્ર० ચંદ્રતુલ્યશીતલ શું? સુજનજનનો સમાગમ. પ્ર० નરક કયું? ઉ० પરવશતા. પ્ર० સુખ શું? ઉ० આત્મવિરતિ. પ્ર० સત્ય શું? ઉ० સર્વ પ્રાણીનું હિત કરવું તે. પ્ર० જીવને વલ્લભ શું? ઉ० પ્રાણ. પ્ર० દાન કયું? ઉ० જીવોને અભયદાન આપવું તે. પ્ર० મિત્ર કોણ? ઉ० જે પાપથી નિવૃત્તાવે તે. પ્ર० અલંકાર શું? ઉ० શીલ. વાગ્ભૂષણ કયું? ઉ० સત્યવાક્ય. પ્ર० અનર્થ ફલદાયક શું? ઉ० ચંચલ મન. પ્ર० સુખાવહ મૈત્રી કઈ? ઉ० સત્સાધુનો સ-

ભલી ભક્તિ ભાવે કરી વીનવીસે ॥ ૨ ॥ અહો એહ સંસાર છે દુઃખ દોરી, ઇંદ્રજાળમાં ચિત્ત લાગી ઠગોરી ॥ પ્રભુ માનિયેં નિ નની એક મોરી, મુજ તાર તું તાર બલિહારી તોરી ॥ ૩ ॥ સહી સુપન જંજાલમાં સવ્વ મોહ્યો, ઘડીઆળમાં કાજ રમતો ન જેયો ॥ મુધા એમ સંસારમાં જન્મખોયો, અહો ધૃતતણે કારણે જળ વિ-લોયો ॥ ૪ ॥ એતો ભમરલો કેસુઆં ભ્રાંતિ ધાયો, જઈ શુક તણી ચંચુ માંહે ભરાયો ॥ શુકે જંબુ જાણી ગળે દુઃખ પાયો, પ્રભુ લાલચે જીવડો એમ વાહ્યો ॥ ૫ ॥ ભમ્યો ભર્મ્મે ભૂલો રમ્યો કર્મ્મ ભારી, દયા ધર્મની શર્મ મેં નવિ વિચારી ॥ તોરી નર્મ વાણી પરમ સુખકારી, ત્રિહું લોકના નાથમેં નવિ સભારી ॥ ૬ ॥ વિષય વેલડી સેલડી કરીય જાણી, ભજી મોહ તૃષ્ણા તજી તુજ વાણી ॥ એહવો ભલો ભૂંડો નીજ દાસ જાણી, પ્રભુ રાખિયેં બાંહિની છાંહિ પ્રાણી ॥ ૭ ॥ મારા વિવિધ અપરાધની કોડિ સહિયેં, પ્રભુ શરણ આવ્યા તણી લાજ વહીયેં ॥ વળી ઘણી ઘણી વીનતિ એમ કહિયેં, મુજ માન સરેં પરમહંસ રહિયેં ॥ ૮ ॥ કલશ ॥ એ કૃપા સુરનિપાસ સ્વામી, સુગતિ ગામી ધ્યાઇયેં ॥ અતિ ભક્તિ ભાવે વિપતિ જાવે, પરમ સંપદ પાઇયેં ॥ પ્રભુ મહિમ સાગર ગુણ વિરાગર, પાસ અંતરિક જે સ્તવે ॥ તમ સં-કલ મંગલ જય જયારવ, આનંદ વર્દ્ધન વીનવે ॥

॥ અથ શ્રીસમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય પ્રારંભઃ ॥

॥ દોહા ॥ સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસતિ માત ॥ સમકિત સડસઠ બોલની, કહિશું મધુરી વાત ॥ ૧ ॥ સમકિત દાયક ગુરૂતણો, પચ્ચુવયાર ન થાય ॥ ભવ કોડાકોડેં કરી, કરતાં સર્વ ઉપાય ॥ ૨ ॥ દાનાદિક કિરિયા ન દિયેં, સમકિત વિણ શિવશર્મ ॥ તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ ॥ ૩ ॥ દર્શન મોહ વિનાશથી, જે નિર્મલ ગુણઠાણ ॥ તે નિશ્ચય સમકિત કહ્યો, તેહનાં એ અહિઠાણ ॥ ૪ ॥

॥ ઢાલ ॥ દેર્ડ દેર્ડ દર્શન આપણું ॥ એ દેશી ॥

ચઉ સદ્દહણા તિલિંગ છે, દશવિધ વિનય વિચારો રે ॥

ત્રિણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવિક ધારો રે ॥ ૫ ॥ ત્રુટક ॥ પ્રભાવિક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણિયેં ॥ ષટ જયણ ષટ આગાર ભાવન, છવિહા મન આણિયેં ॥ ષટ ઠાણ સમકિત તણા સડસઠ, ભેદ એહ ઉદાર એ ॥ એહનો તત્વવિચાર કરતાં, લહીયે ભવપાર એ ॥ ૬ ॥ ઢાલ ॥ ચઉ વિહ સદહણા તિહાં, જીવાદિક પરમત્થો રે ॥ પ્રવચનમાં જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે ॥ ૭ ॥ ત્રુટક ॥ તેહનો અર્થ વિચાર કરિયેં, પ્રથમ સદહણા ખરી ॥ બીજી સદહણા તેહના જે, જાણ મુનિ ગુણ જવહરી ॥ સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા ॥ તેહની સેવા કીજીયેં જીમ, પીજીયેં સમતા સુધા ॥ ૮ ॥ ઢાલ ॥ સમકેત જેણે ગ્રહી વમિઉં, નિન્હવને અહછંદા રે ॥ પાસત્થાને કુશીલિયા, વેષવિડંબક મંદા રે ॥ ૯ ॥ ત્રુટક ॥ મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદહણા ગ્રહી ॥ પરદર્શનીનો સંગ તજીયેં, ચોથી સદહણા કહી ॥ હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે ॥ જ્યૂં જલધિ જલમાં ભલ્યૂં ગંગા, નીર લૂણપણૂં લહે ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ કપૂર હોવે અતિ ઊજલો રે ॥ એ દેશી ॥ ત્રણ લિંગ સમકિત તણાં રે, પહિલો શ્રુતઅભિલાષ ॥ જેહથી શ્રોતા રસ લહે રે,જેવો સાકર દ્રાખ રે ॥ પ્રાણી ધરિયેં સમકિત રંગ,જીમ લહિયેં સુખ અભંગ રે ॥ પ્રાણી૦॥ એ ટેક ॥૧૧॥ તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત ॥ તેહથી રાગેં અતિ ઘણો રે, ધર્મ સુણ્યાની રીત રે ॥ પ્રાણી૦ ॥ ૧૨ ॥ ભૂખ્યો અટવી ઊતર્યો રે, જીમ દ્વિજ ઘેવર ચંગ ॥ ઈચ્છે તિમ જે ધર્મને રે, તેહિજ બીજૂં લિંગ રે ॥ પ્રાણી૦ ॥ ૧૩ ॥ વૈયાવચ્ચ ગુરૂદેવનું રે, ત્રીજું લિંગ ઉદાર ॥ વિદ્યા સાધક તણિ પરેં રે, આલસ નવિય લગાર રે ॥ પ્રાણી૦ ॥ ૧૪ ॥ ઢાલ ॥ પ્રથમ ગોવાળાતણે ભવેંજી ॥ એ દેશી ॥ અરિહંત તે જીન વિચરતા જી ॥ કર્મ ખપી હુઆ સિદ્ધ ॥ ચેઇય જીન પડિમા કહી જી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ ॥ ચતુર નર સમજો વિનય પ્રકાર, જીમ લહિયેં સમકિત સાર ॥ ચતુર૦ ॥ ૧૫ ॥ ધર્મ ખિમાદિક ભાખિઓ જી, સાધુ તેહના રે ગેહ ॥ આચાર્ય આચારના જી, દાયક નાયક જેહ ॥ ચતુર૦ ॥ ૧૬ ॥ ઉપાધ્યાય તે શિષ્યને જી, સૂત્ર ભણાવણહાર ॥ પ્રવચન સંઘ વખાણિયેં જી, દરિસણ સમકિત સાર ॥ ચતુર૦ ॥ ૧૭ ॥ ભગતિ બાહ્ય પ્રતિ

પત્તિથી જી, હૃદય પ્રેમ બહુમાન ॥ ગુણ શ્રુતિ અવગુણ ઢાંકવા જી, આશાતનની હાણ ॥ ચતુર૦ ॥ ૧૮ ॥ પાંચ ભેદ એ દશ તણો જી, વિનય કરે અનુકૂલ ॥ સીંચે તેહ સુધારસેં જી, ધર્મ વૃક્ષનું મૂલ ॥ ચતુર૦ ॥ ૧૯ ॥ ઢાલ ॥ ધોબીડા તૂં ધોએ મનનું ધોતીયું રે ॥ એ દેશી ॥ ત્રણ શુદ્ધિ સમકીતતણી રે, તિહાં પહિલી મન શુદ્ધિ રે ॥ શ્રી જીનને જીનમત વિના રે, જૂઠ સકલ એ બુદ્ધિ રે ॥ ચતુર વિચારો ચિત્તમાં રે ॥ એ આંકણી ॥ ૨૦ ॥ જીન ભગતેં જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે ॥ એવું જે મુખ ભાખિયેં રે, તે વચન શુદ્ધિ કહિવાય રે ॥ ચતુર૦ ॥ ૨૧ ॥ છેદ્યો ભેદ્યો વેદના રે, જે સહતો અનેક પ્રકાર રે ॥ જીણ વિણુ પર સુર નવિ નમે રે, તેહની કાયા શુદ્ધ ઉદાર રે ॥ ચતુર૦ ॥ ૨૨ ॥ ઢાલ ॥ મુનિ જન મારગની દેશી ॥ સમકિત દૂષણ પરિહરો, તેમાં પહિલી છે શંકા ॥ તે જીન વચનમાં મત કરો ॥ જેહને સમ નૃપ રંકા, સમકિત દૂષણ પરિહરી ॥ એ આંકણી ॥ ૨૩ ॥ કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીયેં ॥ પામી સુરતરૂ પરગડો, કિમ બાઉલ ભજીયેં ॥ સમ૦ ॥ ૨૪ ॥ સંશય ધર્મના ફલતણો, વિતિગિચ્છા નામેં ॥ ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામેં ॥ સમ૦ ॥ ૨૫ ॥ મિથ્યામતિ ગુણ વર્ણનો, ટાલો ચોથો દોષ ॥ ઉન્મારગિ થુણતાં હુવે, ઉન મારગ પોષ ॥ સમ૦ ॥ ૨૬ ॥ પાંચમો દોષ મિથ્યામતી, પરિચય નવિ કીજે ॥ ઇમ શુભ મતિ અરવિંદની, ભલી વાસના લીજે ॥ સમ૦ ॥ ૨૭ ॥ ઢાલ ॥ બોલિડા હંસારે વિષય ન રાચીયેં ॥ એ દેશી ॥ આઠ પ્રભાવિક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ ॥ વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ ॥ ધન ધન શાસન મંડન મુનિવરા ॥ એ આંકણી ॥ ૨૮ ॥ ધર્મ કથી તે બીજો જાણિયે, નંદિષેણ પરિ જેહ ॥ નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદયસંદેહ ॥ ધન૦ ॥ ૨૯ ॥ વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરિ જેહ ॥ રાજદુવારેં રે જયકમલા વરે, ગાજતો જિમ મેહ ॥ ધન૦ ॥ ૩૦ ॥ ભદ્રબાહુ પરિ જેહ નિમિત્ત કહે, પરમતજીપણ કાજ ॥ તેહ નિમિત્તી રે ચોથો જાણિયેં, શ્રીજિનશાસન રાજ ॥ ધન૦ ॥ ૩૧ ॥ તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ ॥ આશ્રવ લોપે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ ॥ ધન૦ ॥ ૩૨ ॥

છઠો વિદ્યારે મંત્ર તણો બલિ, જિમ શ્રીવયર મુણિંદ ॥ સિદ્ધ સાતમોરે અંજન યોગથી, જિમ કાલિક મુનિચંદ ॥ ધન૦ ॥૩૩॥ કાવ્ય સુધારસ મધુર અર્થભર્યા, ધર્મ હેતુ કરે જેહ ॥ સિદ્ધસેન પરેં નરપતિ રીઝવે, અઠ્ઠમ વર કવિ તેહ ॥ ધન૦ ॥ ૩૪ ॥ જવ નવિ હોવે પ્રભાવિક એહવા, તવ વિધિ પૂરવ અનેક ॥ જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવિક છેક ॥ ધન૦ ॥ ૩૫ ॥ ઢાલ ॥ સતીય સુભદ્રાની દેશી ॥ સોહે સમકિત જેહથી, સખિ જિમ આભરણેં દેહ ॥ ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી મન વસ્યાં તેહમાં નહી સંદેહ, મુઝ સમકિત રંગ અચલ હોજો ॥ એ આંકણી ॥ ૩૬ ॥ પહિલું કુશલપણું તિહાં, સખી વંદન ને પચ્ચખાણ ॥ કિરિયાનો વિધિ અતિ ઘણો, સખી આચરે તેહ સુજાણ ॥ મુઝ૦ ॥ ૩૭ ॥ બીજૂં તીરથ સેવના, સખી તીરથ તારે જેહ ॥ તે ગીતારથ મુનિવરા, સખી તેહશું કીજે નેહ ॥ મુઝ૦ ॥ ૩૮ ॥ ભગતિ કરે ગુરૂ દેવની, સખી ત્રીજું ભૂષણ હોય ॥ કિણહિ ચલાવ્યો નવિ ચલે, સખી ચોથું ભૂષણ જોય ॥ મુઝ૦ ॥ ૩૯ ॥ જિનશાસન અનુમોદના, સખી જેહથી બહુજન હુંત ॥ કીજેં તેહ પ્રભાવના, સખી પાંચ ભૂષણની ખંત ॥ મુઝ૦ ॥૪૦॥ ઢાલ ॥ ઈમ નવિ કીજે હો ॥ એ દેશી ॥ લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધુર ઉપશમ અનુકૂલ ॥ સુગુણ નર ॥ અપરાધી શું પણ નવિ ચિતથકી, ચિંતવિયેં પ્રતિકૂલ ॥ સુગુણ નર, શ્રી જિનભાષિત વચન વિચારિયેં ॥ એ આંકણી ॥ ૪૧ ॥ સુરનર સુખ જે દુઃખ કરિ લેખવે, વંછે શિવસુખ એક ॥ સુ૦ ॥ બીજૂં લક્ષણ તે અંગીકરે, સાર સંવેગ સુટેક ॥ સુ૦ ॥ શ્રીજિન૦ ॥૪૨॥ નારક ચારક સમભવ ઊભગ્યો, તારક જાણિને ધર્મ ॥ સુ૦ ॥ ચાહે નિકલવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ ॥ સુ૦ ॥ શ્રીજિન૦ ॥ ૪૩ ॥ દ્રવ્યથકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાના રે ભાવિ ॥ સુ૦ ॥ ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તેં મન લ્યાવિ ॥ સુ૦ ॥ શ્રીજિન૦ ॥ ૪૪ ॥ જે જિન ભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ ॥ સુ૦ ॥ તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ ॥ સુ૦ ॥ શ્રીજિન૦ ॥ ૪૫ ॥ ઢાલ ॥ જિન જિન પ્રતિ વંદન દિસે, એ દેશી ॥ પર તીર્થી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યા વલિ જેહ ॥ વંદન પ્રમુખ તિ

નવિ કરવું, તે જયણા ષટ ભેય રે, ભવિકા સમકિત યતના કીજેં ॥ એ આંકણી ॥ ૪૬ ॥ વંદન તે કરજોડન કહીયેં, નમન તે શીશ નમાડે ॥ દાન ઇષ્ટ અન્નાદિક દેવું ॥ ગૌરવ ભગતિ દેખાડે રે ॥ ભ૦ ॥ ૪૭ ॥ અનુપ્રદાન તે તેહને કહિયેં, વાર વાર જે દાન ॥ દોષ કુપાત્રેં પાત્રમતિયે, નહિ અનુકંપા માન રે ॥ ભ૦ ॥ ૪૮ ॥ અણ બોલાવે જેહ ભાખવું, તે કહિયેં આલાપ॥ વાર વાર આલાપ જે કરવો, તે કહિયેં સંલાપ રે ॥ભ૦॥ ૪૯॥ એ જયણાથી સમકિત દીપે, વલિ દીપે વ્યવહાર ॥ એમાં પણ કારણથી જયણા, તેહ અનેક પ્રકાર રે ॥ ભ૦ ॥ ૫૦ ॥ ઢાલ ॥ લલનાની દેશી ॥ શુદ્ધ ધરમથી નવિ ચલે, અતિ દૃઢ ગુણ આધાર ॥ લલના ॥ તો પણ જે નવિ તેહવા, તેહને એહ આગાર ॥ લલના ॥ ૫૧ ॥ બોલ્યું તેહવું પાળીયેં ॥ દંતિ દંત સમ બોલ ॥ લલના ॥ સજ્જનના દુર્જનતણા, કચ્છપ કોટિને તોલ ॥ લલના ॥ બો૦ ॥ ૫૨ ॥ રાજા નગરાદિક ધણી, તસ સાશન અભિયોગ ॥ લલના ॥ તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ ॥ લલના ॥ બો૦ ॥ ૫૩ ॥ મેલો જનનો ગણ કહ્યો, બલ ચોરાદિક જાણ ॥ લલના ॥ ખેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ ॥ લલના ॥ બો૦ ॥ ૫૪ ॥ વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કંતાર ॥ લલના ॥ તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર ॥ લલના ॥ બો૦ ॥ ૫૫ ॥ ઢાલ ॥ રાગ મલ્હાર ॥ ભાવિજેરે સમકિત જેહથી રૂઅડું. તે ભાવનારે ભાવો મન કરિ પરવડું ॥ જો સમકિત રે તાજું સાજું મૂલ રે, તો વ્રત તરૂ રે દીયે શિવફલ અનુકૂલ રે ॥ ૫૬ ॥ ત્રુટક ॥ અનુકૂલ મૂલ રસાલ સમકિત. તેહ વિણ મતિ અંધ રે ॥ જે કરે કિરિયા ગર્વે ભરિયા, તેહ જૂઠો ધંધ રે ॥ એ પ્રથમ ભાવના ગુણો રૂઅડી, સુણો બીજી ભાવના ॥ બારણું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના ॥ ૫૭ ॥ ઢાલ ॥ ત્રીજી ભાવના રે સમકિત પીઠ જો દૃઢ સહી, તો મોટો રે ધર્મ પ્રાસાદ ડગે નહીં ॥ પાયે ખોટે રે મોટો મંડાણ ન શોભીયેં. તેહ કારણ રે સમકિતનું ચિત્ત થોભીયેં ॥૫૮॥ ત્રુટક ॥ થોભીયેં ચિત્ત નિત્ય એમ ભાવી, ચોથી ભાવના ભાવિયેં ॥ સમકિત નિધાન સમસ્ત ગુણનું. એહવું મન લાવિયેં ॥ તેહ વિણ છૂટા રત્નસરિખા, મૂલ ઉત્તર ગુણ સવે ॥ કિમ રહે

તાકે ભેદ હરવા, ઘોર જોર ભવે ભવે ॥૫૯॥ભાવો પંચમી રે ભાવના શમ દમ સાર રે, પૃથવી પરે રે સમકિત તસુ આધાર રે ॥ છઠ્ઠી ભાવના રે ભાજન સમકિત જો મલે, શ્રુત શીલનો રે તો રસ તેહમાં નવિ ઢલે ॥ ૬૦ ॥ ત્રુટક ॥ નવિ ઢલે સમકિત ભાવના રસ, અમિય સમ સંવરતણો ॥ ષટ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો ॥ ઇમ ભાવતા પરમાર્થ જલનિધિ, હોય નતુ ઝકઝોલ એ ॥ ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે ॥ ચિદાનંદ કલ્લોલ એ ॥ ૬૧ ॥ ઢાલ ॥ જે મુનિવેષ શકે નવી છંડી ॥ એ દેશી ॥ ઠરે જીહાં સમકિત તે થાનક, તેહના ષટ વિધ કહિયેં રે ॥ તિહાં પહિલું થાનક છે ચેતન, લક્ષણ આતમ લહિયેં રે ॥ ખીરનીર પરેં પુદ્ગલ મિશ્રિત, પણ એહથી છે અલગો રે ॥ અનુભવ હંસ ચંચ જો લાગે, તો નવિ દીસે વલગો રે ॥ ૬૨ ॥ બીજું થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારે રે ॥ બાલકને સ્તન પાન વાસના, પૂરવ ભવે અનુસારેં રે ॥ દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્યપર્યાય રે ॥ દ્રવ્ય થકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમરાય રે ॥ ૬૩ ॥ ત્રીજું થાનક ચેતન કર્ત્તા, કર્મતણું છે યોગેં રે ॥ કુંભકાર જીમ કુંભતણો જે, દંડાદિકસંયોગે રે ॥ નિશ્ચયથી નિજ ગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારેં રે ॥ દ્રવ્યકર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારેં રે ॥ ૬૪ ॥ ચોથું થાનક છે તે ભોક્તા, પુણ્ય પાપ ફલ કેરો રે ॥ વ્યવહારેં નિશ્ચય નય દર્ષે, ભુંજે નિજ ગુણ નેરો રે ॥ પંચમ થાનક છે પરમ પદ, અચલ અનંત સુખ વાસો રે ॥ આધિ વ્યાધિ તન મનથી લહિયેં, તસુ અભાવેં સુખ ખાસો રે ॥ ૬૫ ॥ છઠ્ઠું થાનક મોક્ષતણું છે, સંયમ જ્ઞાન ઉપાયો રે ॥ જો સહિજેં લહિયેં તો સઘળે, કારણ નિઃફલ થાયો રે ॥ કહે જ્ઞાન નય જ્ઞાનજ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે ॥ ન લહે રૂપું રૂપું જાણી, સીપ ભણી જે ફિરિયા રે ॥ ૬૬ ॥ કહે કિરિયાનય કિરિયાવિણ જે, જ્ઞાન તેહ શું કરશે રે ॥ જલ પેસી કર પદ ન હલાવે, તારુ તે કિમ તરશે રે ॥ દૂષણ ભૂષણ છે ઇહાં બહુલાં, નય એકેકને વાદેં રે ॥ સિદ્ધાંતી તે બેહુ નય સાધે, જ્ઞાનવંત અપ્રમાદેં રે ॥ ૬૭ ॥ ઇણિપરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે ॥ રાગ દ્વેષ ટાળી મન વાળી, તે સમસુખ અવગાહે રે ॥

જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કોઈ નહી તસ તોલે રે ॥ શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચકજસ ઇમ બોલે રે ॥ ॥ ૬૮ ॥ ઇતિ શ્રીસમ્યકત્વના સડસઠ બોલની સજ્ઝાય સંપૂર્ણ. ॥

॥ અથ શ્રીનેમરાજુલની સજ્ઝાય ॥

॥ નદી જમુનાકે તીર, ઉડે દોય પંખીયાં ॥ એ દેશી. ॥

પિયુજી પિયુજી રે નામ, જપું દિન રાતિયાં ॥ પિયુજી ચાલ્યા પરદેશ, તપે મોરી છાતીયાં ॥ પગ પગ જોતી વાટ, વાલેસર કબ મિલે ॥ નીર વિછોયાં મીન, કે તે જયું ટળવળે ॥ ૧ ॥ સુંદર મંદિર સેજ, સાહિબ વિણ નવિ ગમે ॥ જિહાં રે વાલેસર નેમ, તિહાં મારું મન ભમે ॥ જો હોવે સજ્જન દુર, તોહી પાસે વસે ॥ કિહાં પંકજ કિહાં ચંદ, દેખી મન ઉલ્લસે ॥ ૨ ॥ નિઃસ્નેહીશું પ્રીત, મ કરજો કો સહી ॥ પતંગ જલાવે દેહ, દીપક મનમેં નહી ॥ વાહાલા માણસનો વિજોગ, મ હોજો કેહને ॥ સાલે રે સાલ સમાન, હૃદયામાં તેહને ॥ ૩ ॥ વિરહ વ્યથાની પીડ, જોબન વય અતિ દહે ॥ જેનો પીયુ પરદેશ, તે માણસ દુખ સહે ॥ ઝુરી ઝુરી પંજર કીધ, કાયા કમલજ જિસી ॥ હજિઅ ન આવ્યો નેમ, મલિ ન નયણે હસી ॥ ૪ ॥ જેહને જેહશું રાગ, ટાલ્યો તે નવિ ટલે ॥ ચકવા રયણી વિજોગ, તે તો દિવસેં મલે ॥ આંબાકેરો સ્વાદ, લિંબૂ તે નવિ કરે ॥ જે નાહ્યા ગંગા નીર, તે છિલ્લર કિમ તરે ॥ ૫ ॥ જે રમ્યા માલતી ફૂલ, ધંતૂરે કિમ રમે ॥ જેહને ધુરશું પ્રેમ, તે તેલે કિમ જિમે ॥ જે હુને ચતુરશું નેહ તે, અવરને શું કરે ॥ નવ જોબન તજી નેમ, વૈરાગી થઇ ફરે ॥ ૬ ॥ રાજુલ રૂપનિધાન, પોહોતી સહસાવને ॥ જઇ વાંદ્યા પ્રભુ નેમ, સંજમ લેઇ એક મને ॥ પામ્યાં કેવલ જ્ઞાન, પોતી મનની રલી ॥ રૂપવિજય પ્રભુ નેમ, મોટે આશા ફલી ॥ ૭ ॥ ઇતિ નેમરાજુલનો સજ્ઝાય ॥

॥ અથ શ્રીયશોવિજયજી ઉપાધ્યાયકૃત આઠદૃષ્ટિનો સ્વાધ્યાય પ્રારંભઃ ॥

॥ શિવસુખકારણ ઉપદિશી, યોગતણી અડદિઠી રે ॥ તે

ગુણપુરી જિનવીરનો, કરશું ધર્મની પુષ્ટી રે ॥ વીરજિનેસર દેશના ॥ ૧ ॥ સઘન અઘન દિનરયણિમાં, બાલ વિકલને અનેરા રે ॥ અરથ જોયે જેમ જુજવા, તેમ ઓઘનજરના ફેરા રે ॥ વી૦ ॥ ૨ ॥ દર્શન જે થયાં જુજવાં, તે ઓઘનજરને ફેરે રે ॥ ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકેતદૃષ્ટિને હેરે રે ॥ વી૦ ॥ ૩ ॥ દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજભાવે રે ॥ હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે ॥ વી૦ ॥ ૪ ॥ દૃષ્ટિ થિરાદિક ચારમાં મુગતિ પ્રયાણ ન ભાજે રે ॥ રયણિ સયન જેમ શ્રમહરે, સુરનર સુખ તેમ છાજે રે ॥ વી૦ ॥ ૫ ॥ એહ પ્રસંગથી મેં કહ્યું પ્રથમદૃષ્ટિ હવે કહિયેં રે ॥ જિહાં મિત્રા તિહાં બોધજે, તે તૃણ અગનિ સો લહિયેં રે ॥ વી૦ ॥ ૬ ॥ વ્રતપણ યમ ઈહાં સંપજે, ખેદ નહી શુભકાજે રે ॥ દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે ॥ વી૦ ॥ ૭ ॥ યોગનાં બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે ॥ ભાવાચારજ સેવના, ભવઉદ્વેગ શુઠામો રે ॥ વી૦ ॥ ૮ ॥ દ્રવ્ય અભિગ્રહ પાલવા, ઓષધપ્રમુખને દાનેં રે ॥ આદર આગમ આસરી, લિખનાદિક બહુ માનેં રે ॥ વી૦ ॥ ૯ ॥ લેખન પૂજન આપવું, શ્રુતવાચના ઉદગ્રાહો રે ॥ ભાવવિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે ॥ વી૦ ॥ ૧૦ ॥ બીજકથા ભલી સાંભલી, રોમાંચિત હુઈ દેહ રે ॥ એહ અવંચક યોગથી, લહિયેં ધરમસનેહ રે ॥ વી૦ ॥ ૧૧ ॥ સદગુરૂ યોગેં વંદનક્રિયા, તેહથી ફલ હોયે જેહો રે ॥ યોગક્રિયા ફલભેદથી, ત્રિવિધ અવંચક એહો રે ॥ વી૦ ॥ ૧૨ ॥ ચાહે ચકોર તે ચંદને, મધુકર માલતી ભોગી રે ॥ તેમ ભવિ સહજ ગુણેં હોયે, ઉત્તમનિમિત્ત સંયોગી રે ॥ વી૦ ॥ ૧૩ ॥ એહ અવંચકયોગ તે, પ્રગટે ચરમાવર્ત્તે રે ॥ સાધુનેં સિદ્ધદશા સમો, બીજનું ચિત્ત પ્રવર્ત્તે રે ॥ વી૦ ॥ ૧૪ ॥ કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે ॥ મુખ્યપણે તે ઈહાં હોયે, સુયશવિલાસનું ઠાણું રે ॥ વી૦ ॥ ૧૫ ॥

॥ ઢાલ બીજી ॥ મન મોહન મેરે ॥ એ દેશી ॥

॥ દર્શન તારાદૃષ્ટિમાં, મનમોહન મેરે ॥ ગોમય અગની

સમાન ॥ મ૦ ॥ શૌચ સંતોષને તપ ભલો ॥ મ૦ ॥ સજ્ઝાય ઈશ્વરધ્યાન ॥ મ૦ ॥ ૧ ॥ નિયમપંચ ઈહાં સંપજે ॥ મ૦ ॥ નહીં કિરિયા ઉદ્વેગ ॥ મ૦ ॥ જિજ્ઞાસા ગુણ તત્ત્વની ॥ મ૦ ॥ પણ નહીં નિજહઠટેગ ॥ મ૦ ॥ ૨ ॥ એ દૃષ્ટે હોયવરતતાં ॥ મ૦ ॥ યોગકથા બહુપ્રેમ ॥ મ૦ ॥ અનુચિત તેહ ન આચરે ॥ મ૦ ॥ વાળ્યો વળે જેમ હેમ ॥ મ૦ ॥ ૩ ॥ વિનય અધિક ગુણીનો કરે ॥ મ૦ ॥ દેખે નિજગુણહાણ ॥ મ૦ ॥ ત્રાસ ધરે ભવભયથકી ॥ મ૦ ॥ ભવ માને દુખ ખાણ ॥ મ૦ ॥ ૪ ॥ શાસ્ત્ર ઘણાં મતિ થોડલી ॥ મ૦ ॥ શિષ્ટ કહે તે પ્રમાણ ॥ મ૦ ॥ સુયશ લહે એ ભાવથી ॥ મ૦ ॥ ન કરે જૂઠ ડફાણ ॥ મ૦ ॥ ૫ ॥

॥ઢાલ ત્રીજી॥ પ્રથમ ગોવાલા તણે ભવેજી રે ॥ એ દેશી ॥

॥ ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ઠ અગનીસમ બોધ ॥ ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણસમીહા સોધ રે ॥ જિનજી ॥ ધન ધન તુજ ઉપદેશ ॥ ૧ ॥ તરુણસુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત ॥ સાંભળવા તેમ તત્ત્વનેજી એ દૃષ્ટિ સુવિનીત રે ॥ જિનજી ॥ ધન૦ ॥ ૨ ॥ સરિ એ બોધપ્રવાહનીજી, એ વિણ શ્રુતથલકૂપ ॥ શ્રવણસમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે ॥ જિ૦ ॥ ધ૦ ॥ ૩ ॥ મન રીઝે તનુ ઉલ્લસેજી, રીઝે બુઝે એકતાન ॥ તે ઇચ્છાવિણ ગુણકથાજી, બહિરા આગળ ગાન રે ॥ જિ૦ ॥ ધ૦ ॥ ૪ ॥ વિઘન ઇહાં પ્રાયે નહીંજી, ધર્મહેતુમાં કોય ॥ અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે ॥ જિ૦ ॥ ધ૦ ॥ ૫ ॥

॥ ઢાલ ચોથી ॥ ઝાંઝરીયા મુનિવર ધન ધન તુમ અવતાર ॥ એ દેશી ॥

॥ યોગદૃષ્ટિ ચોથી સદાજી, દીપ્રા તિહાં ન ઉત્થાન ॥ પ્રાણાયામ તે ભાવથીજી, દીપપ્રભાસમ જ્ઞાન ॥ મનમોહન જિનજી મીઠી તાહરી વાણ ॥ ૧ ॥ બાહ્યભાવ રેચક ઇહાંજી, પુરક અંતરભાવ ॥ કુંભક થિરતાગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ ॥ મ૦ ॥ ૨ ॥ ધર્મઅર્થ ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ ॥ પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ ॥ મ૦ ॥ ૩ ॥

હો સુરનદીજી, વસ્તુ ફિરે નહી છેક ॥ મ૦॥ ૨૧ ॥ ધર્મ ક્ષમાદિક પણ મિટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ ॥ તો ઝગડા ઝાંટા તણોજી, મુનીને કવણ અભ્યાસ ॥ મ૦ ॥ ૨૨ ॥ અભિનિવેશ સઘલો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ ॥ તે લેસે હવે પાંચમીજી, સુયશ અમૃત ઘનવૃષ્ટિ ॥ મ૦ ॥ ૨૩ ॥

॥ ઢાલ પાંચમી ॥ ધન ધન સંપ્રતિ સાચો રાજા ॥ એ દેશી ॥

॥ દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યેં, રતનપ્રભાસમ જાણો રે ॥ ભ્રાંતિ નહી વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે ॥ ૧ ॥ એ ગુણ વીરતણો ન વીસારૂં, સંભારૂં દિનરાત રે ॥ પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકેતને અવદાત રે ॥ એ ગુણ૦ ॥ ૨ ॥ બાલધુલિ ઘરલીલા સરિખી, ભવચેષ્ટા ઇહાં ભાસે રે ॥ રિદ્ધિવૃદ્ધિ ઘટમાં સવિ પ્રગટે, અષ્ટ મહાસિદ્ધિ પાસે રે ॥ એ ગુણ૦ ॥ ૩ ॥ વિષયવિકારેં ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે ॥ કેવલજ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે ॥ એ ગુણ૦ ॥ ૪ ॥ શીતલ ચંદનથી પણ ઉપનો, અગની દહે જેમ વનને રે ॥ ધરમ જનિતપણ ભોગ ઇહાં તિમ, લાગે અનિષ્ટ તે મનને રે ॥ એ ગુણ૦ ॥ ૫ ॥ અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે ॥ ચિદાનંદઘન સુયશવિલાસી, કેમ હોય જગનો આસી રે ॥ એ ગુણ૦ ॥ ૬ ॥

॥ઢાલ છઠ્ઠી ॥ ભોલીડા હંસારે વિષય ન રાચીયેં ॥ એ દેશી॥

॥ અચપલ રોગરહિત નિષ્ઠુર નહી.અલ્પ હોય દોય નીતિ ॥ ગંધ તે સારો રે કાંતિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ ॥ ૧ ॥ ધનધન શાસન શ્રી જિનવરતણું ॥ એ આંકણી ॥ ધીર પ્રભાવી રે આગલેં યોગથી, મિત્રાદિક યુતચિત ॥ લાભ ઇષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જનપ્રિયતા હોય નિત્ય ॥ ધ૦ ॥ ૨ ॥ નાશ દોષનો રે તૃપતિ પરમ લહેં, સમતા ઉચિત સંયોગ ॥ નાશવયરનો રે બુદ્ધિ સતંભરા, એ નિષ્પન્નહ યોગ ॥ ધ૦ ॥ ૩ ॥ ચિન્હયોગના રે જે પરગ્રંથમાં, યોગાચારય દિઠું ॥ પંચમદૃષ્ટિથકી તે જોડીયેં, એહવા તેહ ગરિઠું ॥ ધ૦ ॥ ૪ ॥ છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ પ્રકાશ ॥ તત્ત્વમીમાંસાયેં દૃઢ હોયે ધારણા, નહી અન્ય શ્રુતત્રાસ ॥ ધ૦ ॥ ૫ ॥ મન મહિલાનું રે વાહલા ઊ-

પરેં, બીજાં કામ કરંત ॥ તેમ શ્રુતધર્મેં રે એહમાં મન ધરે, જ્ઞાનાક્ષેપકવંત ॥ ધ૦ ॥ ૬ ॥ એહવે જ્ઞાનેં રે વિઘન નિવારણે, ભોગ નહી ભવહેત ॥ નવિ ગુણ દોષ ન વિષયસ્વરૂપથી, મનગુણ અવગુણખેત ॥ ધ૦ ॥ ૭ ॥ માયાપાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ ॥ સાચું જાણી રે તે બીહતો રહે, ન ચલે ડામાડોલ ॥ ધ૦ ॥ ૮ ॥ ભોગતત્વને રે એમ ભય નવિ ટળે, જૂંઠા જાણે રે ભોગ ॥ તે એ દૃષ્ટિ રે ભવસાયરતરે, લહે વળી સુયશ સંયોગ ॥ ધ૦ ॥ ૯ ॥

॥ ઢાળ સાતમી ॥ એ છિંડિ કિહાં રાખી ॥ એ દેશી ॥

॥ અર્કપ્રભાસમ બોધ પ્રભામાં, ધ્યાનપ્રિયા એ દિઠી ॥ તત્વતણી પ્રતિપત્તે ઇહાં વસી, રોગ નહી સુખ પુઠી રે ॥ ભવિકા વીરવચન ચિત્ત ધરિયેં ॥ ૧ ॥ એ આંકણી ॥ સઘળું પરવશ તે દુખલક્ષણ, નિજવશ તે સુખ લહિયેં ॥ એ દૃષ્ટેં આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિયેં રે ॥ ભવિ૦ ॥ ૨ ॥ નાગરસુખ પામર નવિ જાણે, વલ્લભસુખ ન કુમારી ॥ અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કુણ જાણે નર નારી રે ॥ ભ૦ ॥ ૩ ॥ એહ દૃષ્ટિમાં નિર્મલબોધેં, ધ્યાન સદા હોયે સાચું ॥ દૂષણરહિત નિરંતર જ્યોતિ, રતન તે દીપેં જાચું રે ॥ ભ૦ ॥ ૪ ॥ વિષભાગ ક્ષય શાંત વાહિતા, શિવમારગ ધ્રુવનામ ॥ કહે અસંગક્રિયા ઇહાં યોગી, વિમલસુયશ પરિણામ રે ॥ ભ૦ ॥ ૫ ॥

॥ ઢાળ આઠમી ॥ તુજ સાથેં નહીં બોલું મ્હારા વાલા તેં મુજને વીસારી જી ॥ એ દેશી ॥

॥ દૃષ્ટિ આઠમી સારસમાધેં, નામ પરા તસ જાણુંજી ॥ આપસ્વભાવેં પ્રવૃત્તિ પૂરણ,શશિસમ બોધ વખાણુંજી ॥ નિરતિચારપદ એહમાં યોગી, કહિયેં નહિ અતિચારીજી ॥ આરોહે આરૂઢ ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી ॥ ૧ ॥ ચંદનગંધ સમાન ખિમા ઇહાં, વાસકને નગવેધેજી ॥ આસંગેં વર્જિત વસી એહમાં, કિરિયા નિજગુણ લેખેજી ॥ શિક્ષાથી જેમ રતનનિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહોજી ॥ તાસ નિયોગેં કરણ અપૂરવ, લહે મુનિ કેવળ ગેહોજી ॥ ૨ ॥ ક્ષીણદોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વલબ્ધિફલ-

યોગીજી ॥ પરઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગીજી ॥ સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી ॥ સર્વ અર્થયોગેં સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી ॥ ૩ ॥ એ અડદિટ્ઠી કહી સંક્ષેપે, યોગશાસ્ત્ર સંકેતેંજી ॥ કુલ યોગીને પ્રવૃત્તચક્ર જે, તેહતણે હિતહેતેંજી ॥ યોગી કુલેં જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગેંજી ॥ અદ્વેષી ગુરુદેવદ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગેંજી ॥ ૪ ॥ શુશ્રૂષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃત્તચક્ર તે કહિયેંજી ॥ યમદ્વય લાભી પરદુગ અર્થી, આદ્ય અવંચક લહિયેંજી ॥ ચાર અહિંસાદિક યમ ઇચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિનામેંજી ॥ શુદ્ધ રૂચેં પાળે અતિચારહ, ટાળે ફલ પરિણામેંજી ॥ ૫ ॥ કુલયોગીને પ્રવૃત્તચક્રને, શ્રવણશુદ્ધિ પક્ષપાતેંજી ॥ યોગદૃષ્ટિ ગ્રંથ હિત હોવે, તેણે કહ્યું એ વાતેંજી ॥ શુદ્ધ ભાવ ને સૂની કિરિયા, બિહુમાં અંતર કેતોજી ॥ [illegible] તેજમાં તેતો જી [illegible] અંતર ભાખ્યોજી ॥ જે [illegible] ન [illegible] ॥ યોગ્ય અયોગ્ય [illegible] પતનકમાં, [illegible] નહિંસુંચે [illegible] ॥ સો [illegible] ॥ શ્રીનયવિજય [illegible]

॥ [illegible] ॥

[illegible]

જોગ રે ॥ ભ૦ ॥ ૪ ॥ સાંભલનાર એકાસણું રે, પચખી કરે તિવિહાર ॥ બ્રહ્મચારિ ભુંઇ સુવે રે, કરે સચિત પરિહાર રે ॥ ભ૦ ॥ ૫ ॥ દેવ વંદે ત્રિણ ટંકના રે, પડિક્કમણું બેવાર ॥ કુ- ડિણ બોલ નવિ બોલીયેં રે, રાગદ્વેષ નિવાર રે ॥ ભ૦ ॥ ૭ ॥ કલહ ન કીજે કેહશું રે, પાપસ્થાનક અઢાર ॥ યથાશક્તિ એમ વરજીયે રે, ધરમધ્યાન મન ધાર રે ॥ ભ૦ ॥ ૬ ॥ ઉરે મન આલોચિયેં રે, એહના અર્થવિચાર ॥ વળી વળી એહ સંભારિયે રે, જાણી જગમેં સાર રે ॥ ભ૦ ॥ ૮ ॥ પંચવીશ લોગસ્સ ત- ણો રે, કીજીયે કાઉસગ્ગ ॥ એહ સૂત્ર આરાધતું રે, સ્થિરકરી ચિત્ત અભંગ રે ॥ ભ૦ ॥ ૯ ॥ નામ ત્રિણછે એહનાં રે, પહિ- લું પંચમું અંગ ॥ વિવાહપન્નતી એ ભલું રે, ભગવઇસૂત્ર સુરંગ રે ॥ ભ૦ ॥ ૧૦ ॥ જિણદિન સૂત્ર મંડાવિયેં રે, નિસદિન ગુ- રૂની ભક્તિ ॥ અંગ પૂજણું કીજીયેં રે, પ્રભાવના નિજશક્તિ રે ॥ ભ૦ ॥ ૧૧ ॥ ગૌતમને નામેં કરો રે, પૂજાભક્તિ ઉદાર ॥ લખમીનો લાહો લીયો રે, શક્તિતણે અનુસાર રે ॥ ભ૦ ॥ ॥ ૧૨ ॥ માંડવના વ્યવહારિયા રે, ધન સોની સંગ્રામ ॥ જેણે સોનૈયેં પૂજીયું રે, ગુરૂગૌતમનું નામ રે ॥ ભ૦ ॥ ૧૩ ॥ સો- નઈયા અવિચલ થયા રે, તે છત્રીશ હજારે ॥ પુસ્તક સોવન અ- ક્ષરેં રે, દીસે ઘણા ભંડાર રે ॥ ભ૦ ॥ ૧૪ ॥ જપિયે ભગવ- તીસૂત્રની રે, નોકરવાલી વીસ ॥ જ્ઞાનાવરણી ક્ષુટિયેંરે, એહથી વીસવા વીસ રે ॥ ભ૦ ॥ ૧૫ ॥ સર્પઝેર જેમ ઉતરે રે, તે જિમ મંત્રપ્રયોગ ॥ તિમ એ અક્ષર સાંભલે રે, ટાલે કરમના રોગ રે ॥ ભ૦ ॥ ૧૬ ॥ સૂત્ર એ પૂરૂં થઈ રહે રે, ઓછવ કરો અનેક ॥ ભક્તિ સાધુ સાહમી તણી રે, રાતીજગા વિવેક રે ॥ ભ૦ ॥ ૧૭ ॥ વિધિકરી ઇમ સાંભલે રે, જે અગ્યારે અંગ ॥ થો- ડા ભવમાંહે લહે રે, તે શિવરમણી સંગ રે ॥ ભ૦ ॥ ૧૮ ॥ સંવત સત્તર અડત્રિશમે રે, રહ્યા રાંદેર ચોમાસ ॥ સંઘેં સૂત્ર એ સાંભળ્યું રે, આણી મન ઉલ્લાસ રે ॥ ભ૦ ॥ ૧૯ ॥ પૂજાભક્તિ પ્રભાવનારે, તપ કિરિયા સુવિચાર ॥ વિધિ ઇમ સઘલો સાચ- વ્યો રે, સમયતણે અનુસાર રે ॥ ભ૦ ॥ ૨૦ ॥ કીર્તિવિજય ઉ- વઝાયનો રે, સેવક કરે સજ્ઝાય ॥ ઇણિપરે ભગવતી સૂત્રનો રે, વિનયવિજય ઉવજ્ઝાય રે ॥ ભ૦ ॥ ૨૧ ॥ ઇતિ ॥

॥ શ્રીમદ્યશોવિજયજીકૃત અગિયાર અંગનો સજ્ઝાય ॥

॥ તત્ર પ્રથમ આચારાંગ સૂત્રનો સજ્ઝાય લિખ્યતે ॥

॥ કોઇલો પરવત ધૂંધલો રેલો ॥ એ દેશી ॥

આચારાંગ પહેલું કહ્યું રેલો, અંગ ઈગ્યાર મઝાર રે ॥ ચતુરનર ॥ અઢાર હજાર પદે જિહાં રેલો, દાખ્યો મુનિ આચાર રે ॥ ચ૦ ॥ ૧ ॥ ભાવધરીને સાંભળો રેલો, જિમ ભાજે ભવ ભીતિ રે ॥ ચ૦ ॥ પૂજા ભક્તિપ્રભાવના રેલો, સાચવિયે સવિ રીતિ રે ॥ ચ૦ ॥ ભાવ૦ ॥ એ આંકણી ॥ દો સુઅખંધ સુહામણાં રેલો, અજ્ઝયણાં પણવીસ રે ॥ ચ૦ ॥ શાશ્વતાઅર્થે ઈહાં કહે રેલો, યુક્તિ શ્રીજગદીશ રે ॥ ચ૦ ॥ ભા૦ ॥ ૨ ॥ મીઠેવયણેં ગુરૂ કહ્યું રેલો, મીઠડું અંગજ એહ રે ॥ ચ૦ ॥ મીઠીરીતે સાંભળે રેલો, સુખ લહે મીઠડાં તેહ રે ॥ ચ૦ ॥ ભા૦ ॥ ૩ ॥ સુરતરૂ સુરમણિ સુરગવી રેલો, સુરઘટ પૂરે કામ રે ॥ ચ૦ ॥ સાંભળવું સિદ્ધાંતનું રેલો, તેહથી અતિ અભિરામ રે ॥ ચ૦ ॥ ભા૦ ॥ ૪ ॥ શ્રીનયવિજયવિબુદ્ધતણો રેલો, વાચક જસ કહે શીશ રે ॥ ચ૦ ॥ તુમને પહિલા અંગનો રેલો, શરણ હોયો નિશદીશ રે ॥ ચ૦ ॥ ભા૦ ॥ ૫ ॥ ઇતિ ॥ ૧ ॥

॥ અથ કલિયુગની સજ્ઝાય ॥

સરસતી સામિની પાય નમીને, ઉલટ મનમાંહે આયો ॥ તીરથ નહીં કોઈ ભાવ સંભારે, તેણે એ કલિયુગ આયો ॥ દેખો એ યારો કૂડો કલિયુગ આયો ॥ એ આંકણી ॥ આચો કહે મારી નાનડી બેટી, દિન દિન મહર મનાયો ॥ એ યારો કૂડો કલિયુગ આયો ॥ ૧ ॥ નાગા ને પન્નગને પીંડે, કુનર કામ ભળાયો ॥ બાલ બ્રહ્મ નહિ મંત્રીને, ગાયન મિત્ર મેળાયો ॥ એ યારો ॥ ૨ ॥ ગુરૂને નાણાં દિયે નિજ ચેલો, વેદ પુરાણ પઢાયો ॥ સામુ ચૂલે ને રહુ ખાટલે, ઢુંકે ગર્નેન જલાયો ॥ એ યારો ॥ ૩ ॥ એંશી વરસના દીઠે દીઠો, મુછે હાથ વલાયો ॥ પંચ તણી સાખે પરણીને, અબળા અર્થ ગમાયો ॥ એ યારો ॥ ૪ ॥ જોગી જંગમ ને સંન્યાસી ભાંગ ભખે મદવાયો ॥ ચોર ચાડ પરધનને આપે, સાધુ જન મીડાયો ॥ એ યારો ॥ ૫ ॥ નિર્ધનને બહુ બેટા

કવણ સવાદકે ॥ નિ૦ ॥ ૨ ॥ ચઉદ પૂરવધર મુનિવરા, નિદ્રા કરતા હો ગયા નરક નિગોદ કે ॥ અનંતો અનંત કાલ તિહાં રહે, ઇમ બગડે હો, કાંઇ ધરમનો મોદકે ॥ નિ૦ ॥ ૩ ॥ જોરાવર ઘણા જાલમી, યમ રાજા હો કાંઇ સબલ કરૂરકે ॥ નીજ સેન્યા લઇ ચિહું દિશે, કિમ જાગતા હો નર કહિયે શૂર કે ॥ નિ૦ ॥ ૪ ॥ જાગતડાં ગંજે નહિ, છેતરાયે હો નર સૂતો નેટકે ॥ સૂતારીણી પાડા જણ્યા, કિમ કીજેં હો શા પુરૂષની ભેટકે ॥ નિ૦ ॥ ૫ ॥ શ્રી વીરેં ઇમ ભાખીયું, પંખી ભારંડ હો ન કરે પરમાદ કે; તેહ તણી પરેં વિચારજો, પરિહરજો હો ગોયમ પરમાદ કે ॥ નિ૦ ॥ ૬ ॥ વીર વચન ઇમ સાંભળી, પરિહરીયો હો ગોયમેં પરમાદ કે; લીલા સુખ લાધાં ઘણાં, થીર રહિયો હો જગમાં જસવાદકે; ॥ નિ૦ ॥ ૭ ॥ નિંદ નિંદડી મત આણજો, સુણ રહેજો હો સાવધાન કે ; ધ્યાન ધરમ હિયેં ધારજો, ઇમ ભાખે હો મુનિ કનક નિદાન કે ॥ નિ૦ ॥ ૮ ॥

॥ અથ આત્મબોધ સજ્ઝાય ॥

જીવ ક્રોધ મ કરજે, લોભ મ ધરજે, માન મ લાવશ ભાઈ ॥ કૂડાં કર્મ મ બાંધીશ, ધર્મ મ ચૂકીશ, વિનય મ મૂકીશ ॥ ભાવે જીવડા ॥ હોદિલો માનવભવ લાધો, તુમે કાંઈ કરી તત્વને સાધો રે બાપા ॥ હોદિલો૦ ॥ એ આંકણી ॥ ૧ ॥ ઘર પછવાડે દેરાસર આતાં, તાંહી વિમાનનું વાય ॥ ભુખ્યો તરશ્યો રાઉલ ગતે, નાથે મહેતો વાય ન ॥ જીવડા હોદિ૦ ॥ ૨ ॥ ધર્મ તણી પોશાળે ચાલ્યા, મનુષા મહનુડ વાણી ॥ એક વાત કરે બીજો ઉંડો તવે નવનુ નદ ભાનુભીં ॥ જીવ૦ ॥ ૩ ॥ નામે બેઠો લોભે પડો, ચાર [illegible] નિગિ આવ્યો ॥ બે ઘડીનું પડિક્કમણું કરતાં, ચાના વિસ ન નાખ્યાં ॥ જીવ૦ ॥ ૪ ॥ આકમ ચઉદશ પુનમ સામી, તેં પુસ્તક બાંધે ॥ બે ઘડીનું પચ્ચખાણ કરતાં, એક આગતને વાત કે ॥ જીવ૦ ॥ ૫ ॥ કીર્તિ કારણ પતલણ માંડી, અન્ય ગન્ય નવિ સૂઝે ॥ પુણ્યને કાજે પારકું પાતાનુ, નાંકોમિ નવિ સૂઝે કે ॥ જીવ૦ ॥ ૬ ॥ ઘર ઘરણીને વાર વગાડ્યા, પહેરણ ભાઠા સાવા ॥ દશ આંગળી

વિધ શ્રીસંઘ હોશે રે ॥ છઠ્ઠો આરો બેસતાં, જીનધર્મ પહિલો જાશે રે ॥ વીર૦ ॥ ૧૫ ॥ બીજે અગની જાયશે, ત્રીજે રાય ન હોય રે ॥ ચોથે પ્રહરેં લોપના, છઠ્ઠે આરે તે હોય રે ॥ ૧૬ ॥ ॥ દોહા ॥ છઠ્ઠે આરે માનવી, બિલવાસી સવિ હોય ॥ વીશ વરસનું આઉખું, ષટવર્ષે ગર્ભજ હોય ॥ ૧૭ ॥ સહુસ ચોરાશી વર્ષપણે, સોગવશે ભવિ કર્મ ॥ તીર્થંકર હોશે ભલો, શ્રેણિક જીવ સુધર્મ ॥ ૧૮ ॥ તસુ ગણધર અતિ સુંદરુ, કુમારપાળ ભૂપાળ ॥ આગમ વાણી જોઇને, રચીયાં રયણ રસાળ ॥ ૧૯ ॥ પાંચમા આરાના ભાવ એ, આગમેં ભાંખ્યા વીર ॥ અથ બોલ વિચાર કહ્યા, સાંભળજો ભવિ ધીર ॥ ૨૦ ॥ ભણતાં સમકિત સંપજે, સુણતાં મંગળ માલ ॥ જીનહર્ષે કહી જોડ એ, ભાખ્યાં વયણ રસાલ ॥ ૨૧ ॥ ઇતિ ॥

॥ અથ અમલ વર્જન સ્વાધ્યાય ॥ કંથ તમાકૂ પરિહરો॥ એ દેશી ॥

॥શ્રીજીનવાણી મન ધરી, સદ્ગુરુ દીયે ઉપદેશ ॥ મેરે લાલ ॥ બાવીશ અભક્ષ્યમાંહિ કહ્યું, અમલ અભક્ષ્ય વિશેષ ॥ મે૦ ॥ અમલ મ ખાઓ સાજનાં ॥ ૧ ॥ અમલ વિગોવે તન ॥ મે૦ ઉંઘ બગાસા ઘેરણી, આવે આંસો દિન ॥ મે૦ ॥ અ૦ ॥ ૨ ॥ અમલી અમલને સારિખા, આવે આનંદ થાય ॥ મે૦ ॥ ઉતરતા આગતિ ઘણી, બીજે જીવ ન વનાય ॥ મે૦ ॥ અ૦ ॥ ૩ ॥ આગમ ને ઊંઘતનરા, બેઠો ઢળતો ખાય ॥ મે૦ ॥ અકલ ન કાંઇ ઉપજે, ધર્મ કથા ન સુનાય ॥ મે૦ ॥ અ૦ ॥ ૪ ॥ કાળા અહિથી ઊપનું, નામેં જે અહિફીણ ॥ મે૦ ॥ સંગ કરે કોણ એહુનો, પંડિત લોક પ્રવીણ ॥ મે૦ ॥ અ૦ ॥ ૫ ॥ પહેલું મુખ કડવું હુવે, વળી વારો ઘેનાય ॥ મે૦ ॥ ઉદર વ્યથા નિત્ય આફરો, કંઠથી અવગુણ થાય ॥ મે૦ ॥ અ૦ ॥ ૬ ॥ નાક બંધાવેં બોલતાં, આવું વચન બોલાય ॥ મે૦ ॥ અમીય સુકાયે જીભનું, એહને ખાસ મળાય ॥ મે૦ ॥ ૭ ॥ દાઢીને મૂછાદિકે, ઊગે નહીં અંકુર ॥ મે૦ ॥ કાયા કાળી નિંગ હુએ, નાખતી નાળે નૂર ॥ મે૦ ॥ અ૦ ॥ ૮ ॥ પલક અવેરૂ જો લીએ, તો આતમ અકુલાય

॥ મે૦ ॥ નાક ચુએ નયણાં ઝરે, કામ કરી ન શકાય ॥ મે૦ ॥ અ૦ ॥ ૯ ॥ અધબિચ મારગમાં પડે, જીવન મૃત્યુ સમાન ॥ મે૦ ॥ હાથ પગોની નસ ગળે, અમલી આવી શાન ॥ મે૦ ॥ અ૦ ॥ ૧૦ ॥ આગરાઈ આડો કહ્યો, માગવી માંહે બેળ ॥ મે૦ ॥ આપદશું સખઈ નહી, ભિખારીશું મન મેલ ॥ મે૦ ॥ અ૦ ॥ ૧૧ નવરાંક વે નર જીરવે, તસુ અહિ વિષ ન જણાય ॥ મે૦ ॥ અમલ ઘણું ખાધાથકી, કંદર્પ બળ મિટ જાય ॥ મે૦ ॥ અ૦ ॥ ૧૨ ॥ અમલીને ઉન્હું રૂચે, ટાઢું નાવે દાય ॥ મે૦ ખોળી રોટી ખાંડ ઘી, ઉપર દૂધ સુહાય ॥ મે૦ ॥ અ૦ ॥૧૩॥ રૂપવંતી બે કામની, જાણે જુગતિ સુજાણ ॥ મે૦॥ કાંતિ વિખી ઝણ કરી, અમલીને દીએ આણ ॥ મે૦ ॥ અ૦ ॥ ૧૪ ॥ પ્રીતમ આશા પૂરતી, ન કરે રીશ લગાર ॥ મે૦ ॥ કથન ન લોપે કંથનું, તે વિરલી સંસાર ॥ મે૦ ॥ અ૦ ॥ ૧૫ ॥ દુર્ભાગણી નારી જીકણ, બોલે કર્કશ વાણ ॥ મે૦ ॥ રે રે અધમ અફીણિયા, આળસવંત અજાણ ॥ મે૦ ॥ અ૦ ॥ ૧૬ ॥ પરણી જાઇ પારકી, શું કીધું તેં ધીઠ ॥ મે૦ ॥ પોતાનું પણ પેટ એ, નિઠુર ભરાય ન નીઠ ॥ મે૦ ॥ અ૦ ॥ ૧૭ ॥ કાન કોટ ભૂષણ સહુ, વેચી ખાધું તેહ ॥ મે૦ ॥ નિર્લજ તુજ ઘરવાસમાં, કહે સુખ પામ્યું બેહ ॥ મે૦ ॥ અ૦ ॥૧૮॥ અમલ સમો અમુગો નહી, માનો એ મુજ શીખ ॥ મે૦ ॥ બાળે સુંદર દેહડી, અંતે મગાવે ભીખ ॥ મે૦ ॥ અ૦ ॥૧૯॥ દાલિદ્રીને દોહિલું, સૂર ઉગ્યાનું શાલ ॥મે૦॥ શ્રીમંતને પણ નહીં ભલું, લોતાં એ જંજાલ ॥ મે૦ ॥ અ૦ ॥ ॥ ૨૦ ॥ સામુ વહુ વદતાં છતાં, રીસે અમલ અખંત ॥ મે૦ ॥ બાળક ખાએ અજાણતાં, લો ઘર અમલ હવંત ॥ મે૦ ॥ અ૦ ॥ ૨૧ ॥ પ્રાણી વધ જિણથી હુવે, તે તો તજીયેં દૂર ॥ મે૦ ॥ કર્માદાન દશામું કહ્યું, વિષ વ્યાપાર પડુર ॥ મે૦ ॥ અ૦ ॥ ૨૨ ॥ ચતુર વિચાર એ ચિત્ત ધરી, કીજેં અમલ પરિહાર ॥ મે૦ ॥ ખિમાવિજય પંડિત તણો, કહે માણિક મનોહાર ॥ મે૦ ॥અ૦॥

॥ અથ વણઝારાનો સજ્ઝાય ॥

॥ નરભવ નયર સોહામણું ॥ વણઝારા રે ॥ પામીને ક-

રજે વ્યાપાર ॥ અહો મોરા નાયકરે ॥ સત્તાવન સંવર તણી ॥ વ૦ ॥ પોઠી ભરજે ઉદાર ॥ અ૦ ॥ ૧ ॥ શુભ પરિણામ વિચિત્રતા ॥ વ૦ ॥ કરિયાણાં બહુ મૂલ ॥ અ૦ ॥ મોક્ષ નગર જાવા ભણી ॥ વ૦ ॥ કરજે ચિત્ત અનુકૂલ ॥ અ૦ ॥ ૨ ॥ ક્રોધ દાવાનલ ઓલવે ॥વ૦॥ માન વિષય ગિરિરાજ ॥અ૦॥ ઓલંઘજે હળવે કરી ॥ વ૦ ॥ સાવધાન કરે કાજ ॥ અ૦ ॥ ૩ ॥ વંશજાલ માયા તણી ॥ વ૦ ॥ નવિ કરજે વિશરામ ॥ અ૦ ॥ ખામી મનોરથ ભટ તણી ॥ વ૦ ॥ પૂરણતુ નહીં કામ ॥ અ૦ ॥ ૪ ॥ રાગદ્વેશ દોય ચોરટા ॥ વ૦ ॥ વાટમાં કરશે હેરાન ॥ અ૦ ॥ વિવિધ વીર્ય ઉલ્લાસથી ॥ વ૦ ॥ તે હણજે રે ઠાય ॥ અ૦ ॥ ૫ ॥ એમ સવિ વિઘન વિદારીને ॥ વ૦ ॥ પહોંચજે શિવપુર વાસ ॥ અ૦ ॥ ક્ષયઉપશમ જે ભાવના ॥ વ૦ ॥ પોઠેં ભરયા ગુણરાશ ॥ અ૦ ॥ ૬ ॥ ખાયક ભાવેં તે થશે ॥ વ૦ ॥ લાભ હોશે તે અપાર ॥ અ૦ ॥ ઉત્તમ વણજ જે એમ કરે ॥ વ૦ ॥ પદ્મ નમે વારં વાર ॥ અ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

॥ અથ સોદાગરનો સજ્ઝાય ॥

॥ લાવો લાવોને રાજ, મોંઘાં મુલનાં મોતી ॥ એ દેશી ॥

॥ મુજ સોદાગર એ. દિલકી બાત સુમેરી ॥ નેં સોદાગર દૂર વિદેશી. સોદા કરનકું આયા ॥ મોસમ આયે માલ સવાયા, રતન પુનોમાં ઠાયા ॥ મુ૦ ॥ ૧ ॥ નિનું દલાલકું હુર સમઝાયા જિનનેં અહોત ન કાયા ॥ સાંચું હીરાનું પાકું જડાયા, એકકું ચોકી બિઠાયા ॥ મુ૦ ॥ ૨ ॥ નકા દેખકર માલ બિહરણાં, ચુઆ કેદ ન ચુ ચનના ॥ દોનું હનામાઝી દૂન કરનાં દીપકી જયોતેં ફિરનાં ॥ મુ૦ ॥ ૩ ॥ આનદિન વસી મેહેલમેં રહનાં, બહનકું ન મિલાનાં ॥ રશ નહિનેં હાસ્યાદિ કરનાં. ઉનસેં ચિત્ત મિલાનાં ॥ મુ૦ ॥ ૪ ॥ જનદુન તજનાં જીનવર ભજનાં, સજના જિનકું દલાલ ॥ નવનરદ્વાર નરેમેં નમનાં, જખનાં લખકી ઠલાલ ॥ મુ૦ ॥ ૫ ॥ શિરપેર મુનવ ચમર ઢોલાક, અમ ઘર ઉન વનાક ॥ શ્રીગુભ વીરવિજય ઘર આક, હોન મનામી મનાક ॥ મુ૦ ॥ ૬ ॥ ઇતિ ॥ સોદાગરનો સજ્ઝાય ॥

॥ અથ કાયા ઉપર સજ્ઝાય ॥

॥ કાયા રે વાડી કારમી, સીંચતાંરે શૂકે ॥ ઉઠ કોડ રોમાવલી, ફુલ ફુલ ન મૂકે ॥ કા૦ ॥ ૧ ॥ કાયા માયા કારમી, જોવેનાં જાશે ॥ મારગ લેજો મોક્ષનો, જીવડો સુખ પાશે ॥ કા૦ ॥ ૨ ॥ અરિહંત આંબો મોરીયો, સામાયિક ધાણું ॥ મંત્ર નવકાર સંભારજો, સમકિત શુદ્ધ હાણું ॥ કા૦ ॥ ૩ ॥ વાડી કરો વિરતાં તણી, સવિ લોભ નિવારો ॥ શીલ સંયમ દોતું એકડાં, ભલા પેરે પારો ॥ કા૦ ॥ ૪ ॥ પાંચ પુરુષ દેશાવરી, બેઠા એકી ટાલી ॥ ફળ ચુંટીને ચોરીઆં, ન કરી રખવાલી ॥ કા૦ ॥ ૫ ॥ ઇણ વાડી એક શૂડલો, સુખ પિંજર બેઠો ॥ બહુત જતન કરી રાખીએ, જાતો કિણહી ન દીઠો ॥ કા૦ ॥ ૬ ॥ કાં ભોળપણે ભવ હારિયો, મની મોડી સંભાળી ॥ રત્ન ચિંતામણિ સારીખી, કાંઇ ગાંઠ ન વાળી ॥ કા૦ ॥ ૭ ॥ રત્ન તિલક સેવક ભણે, મુણજો વનમાળી ॥ વાડ ભલી પેરેં પાળજો, કરજો ઢગ વાળી ॥ કા૦ ॥ ૮ ॥

॥ અથ તેર કાઠીયાની સજ્ઝાય ॥

॥ આળસ પહેલો જી કાઠિયો, ધર્મેં ઢીલ કરાય રે, નિવારોજી કાઠિયા તેર દૂરેં કરો ॥ બીજો તે મોહ પુત્ર કલત્રશું, રંગેં રહે લપટાય રે ॥ નિવારોજી ॥ કા૦ ॥ ૧ ॥ ત્રીજો તે અવરણ ધર્મમાં, બોલે અવરણ વાદરે ॥ નિવારોજી ॥ કા૦ ॥ ચોથો તે દંભજ કાઠિયો, ન લહે વિનયેં સવાદ રે ॥ નિવારોજી ॥ કા૦ ॥ ૨ ॥ ક્રોધ તે કાઠિયો પાંચમો, રીસેં રહે અમળાય રે ॥ નિવારોજી ॥ કા૦ ॥ છઠ્ઠો પ્રમાદ તે કાઠિયો, વ્યસનેં વિગૂતો થાય રે ॥ નિવારોજી ॥ કા૦ ॥ ૩ ॥ કૃપણ કાઠિયો સાતમો, ન ગમે દાનની વાતરે ॥ નિવારોજી ॥ કા૦ ॥ આઠમો ભયથી નવી મુણે, નરકાદિક અવદાત રે ॥ નિવારોજી ॥ ૪ ॥ નવમો તે શોક નામેં કહ્યો, શોકેં છાંડે ધર્મ રે ॥ નિવારોજી ॥ કા૦ ॥ દશમો અજ્ઞાને તે નવિ લહે, ધર્મ અધર્મનો મર્મ રે ॥ નિવારોજી ॥ કા૦ ॥ ૫ ॥ વિકથા નામે અગ્યારમો, લોક વાર્તે ધરે પ્રીતં રે ॥ નિવારોજી ॥ કા૦ ॥ કુતુહળ કાઠિયો બારમો,

કૌતુક જોવા ધરે ચિત્ત રે ॥ નિવારોજી ॥ કા૦ ॥ ૬ ॥ વિષય તે કાઠિયો તેરમો, નારિ સાથેં ધરે નેહરે ॥ નિવારોજી ॥ કા૦ ॥ ૭ ॥ ઇતિ શ્રી તેર કાઠિયાની સજ્ઝાય ॥

॥ અથ મહોટી હોંસ ન કરવા આશ્રયી સજ્ઝાય ॥

॥ હોંશીડા ભાઈ (પ્રાણિ) હોંશ ન કીજેં મહોટી ॥ વાવી છે બંટી બાજરી, તો શાલી કેમ લહિયેં મોટી રે ॥ હોં૦ ॥ પ્રાણી જેણેં દીધું તેણે લીધું, જે દેશે તે લેશે ॥ જેણે નવિ દીધું તેણે નવિલીધું, દીધા વિના કેમ લેશે રે ॥ હોં૦ ॥ ॥ ૧ ॥ વાવ્યા વિના કર્પણ કેમ લહિયેં, સેવ્યા વિના કેમ ફ-ળીયેં ॥ પુણ્ય વિના મનોરથ મોટા, દીધા વિણ કેમ કરિયેં રે ॥ હોં૦ ॥ ૨ ॥ શીંસાની અકોટી આપો, આપી તરુવાની ગ્રોટી ॥ તે સોનાર કને કેમ માગીશ, સોનાની કરી મોટી રે ॥ હોં૦ ॥ ૩ ॥ શાળિભદ્ર ધન્નો કયવન્નો, મૂલદેવ ધનસાર ॥ પુણ્ય વિ-શેષેં પ્રત્યક્ષ પામ્યા, અલવેસર અવતાર રે ॥ હોં૦ ॥ ૪ ॥ એવું જાણી રૂડું પામી, કરજો ધર્મ સખાઇ ॥ સાધુ હર્ષ કર જોડી વિનવે, દીધું લેશે લાઇરે ॥ હોં૦ ॥ ૫ ॥ ઇતિ હોંસીડા સજ્ઝાય ॥

॥ અથ મધુબિંદુઆ દૃષ્ટાંત સજ્ઝાય પ્રારંભઃ ॥

॥ ઢાળ ॥ સરસતી મુજ રે, માતા દ્યો વરદાન રે ॥ પૂછે ગૌતમ રે, ભાખે શ્રીવર્દ્ધમાન રે ॥ કેતા નિરૂપ્યા રે, વિરૂઆ વિષયનું ધ્યાન રે ॥ વિષયાનન્દ રે, છે મધુબિંદુ સમાન રે ॥ ત્રુ-ટક ॥ મધુબિંદુ સરિખા વિષય જાણો, એક મનો ચિત્ત શું ॥ નર જનમ હાર્યો બાદ નાન્યો, ફિર ભાન્યો પાપશું ॥ કંતારે પડિયો નાન નડિયો, કોઇ દેવાનુપ્રિયો ॥ વડવૃક્ષ જડિયો વેગેં ચડીયો, ફેર પડીયો છપિયો ॥ ૨ ॥ ઢાળ ॥ વડ હેઠળ રે, કૂપ અછે અસરાળ રે ॥ હાથ અજગર રે, મગર જિસ્યા વિકરાળ રે ॥ ચિહું પાસે રે, ચાર ભુજંગમ કાળ રે ॥ વળી ઉપર રે, મોટો છે મધુવાળ રે ॥ ત્રુટક ॥ મધુવાળ માખી રતન ચાખી, ચંચુ રાખીને રહી ॥ કંથાસનો ગજરાજ ધાયો, પડત વડવાઇ મહી ॥

વડવાઇ કાપે ઉંદર આપે, તાપ સંતાપેં ઘણો ॥ મધુપડી ગળીયો બિંદુ હળીયો, તેણે મુખલીણો રહ્યા ॥ ૨ ॥ ઢાળ ॥ એહ સંકટ રે, દોડણ દેવ દયાળ રે ॥ દુઃખ હરવા રે, વિદ્યાધર તતકાળ રે ॥ ઉદ્ધરવા રે, ધરિઉં તાસ વિમાન રે ॥ એ આવે રે, મધુબિંદુ કરે સાન રે ॥ ॥ ત્રૂટક ॥ મધુબિંદુ ચાખે વચન ભાંખે, કરે લાલચ લખવળી ॥ વાર વાર રાખે સાન પાખે, રહો ક્ષણએક પર રળી ॥ તસ ખેચર મળીયો વેગે વળિયો, રંક રળીયો તે નરુ ॥ મધુબિંદુ ચાટે વિષય સાટે, કહ્યા ઉપનય જગગુરૂ ॥ ૩ ॥ ઢાળ ॥ ચોરાશી લખ રે, ગતિવાસી કાંતાર રે ॥ મિથ્યામતિ રે, ભૂલો ભમે સંસાર રે ॥ જરા મરણા રે, અવતરણા એ કૂપ રે ॥ આઠ ખાણી રે, પાણી પગઇ સરૂપ રે ॥ ત્રૂટક ॥ આઠ કર્મ ખાણી દોય જાણી, તિરિય નિરયા અજગરા ॥ ચારે કષાયા મોહ માયા, લભકાયા વિષહરા ॥ દોય પક્ષ ઉંદર મરણ ગયવર, આયુવડવાઇ વટા ॥ ચટકા વિયોગા રોગશોગા, ભોગ યોગા સામટા ॥ ૪ ॥ ઢાળ ॥ વિદ્યાધર રે, સહગુરૂ કરે સંભાળ રે ॥ તેણેં ધરીઉ રે, ધર્મવિમાન વિશાળ રે ॥ વિષયા રસ રે, મીઠો જેમ મહુઆલ રે ॥ પડખાવે રે, બાળ યોવન વયકાળ રે ॥ ત્રૂટક ॥ રહ્યા બાળ યોવન કાળ તરૂણી, ચિત્તહરણી નિરખતો ॥ ॥ ધરભાર ગુત્તો પંક ખુત્તો, મદવિગુત્તો પોષતો ॥ આનંદ આણી જૈનવાણી, ચિત્ત જાણી જાગીયેં ॥ ચરણ પ્રમોદ સુશિષ્ય જંપે, અચળ સુખ એમ માગીયેં ॥ ૫ ॥ ઇતિ ॥

॥ અથ વૈરાગ્ય સજ્ઝાય પ્રારંભઃ ॥

॥ શ્રીસીમંધર સાહેબ સાંભળો ॥ એ દેશી ॥

॥ કાં નવિ ચિંતેં હો ચિત્તમેં જીવડા, આયુ ગળે દિન રાત ॥ વાત વિચારી રે પૂરવભવ તણી, કુણ કુણ તાહરી જાત ॥ કાં૦ ॥ ॥ ૧ ॥ હું મત જાણે રે એ સહુ માહરાં, કુણ માતા કુણ ભ્રાત ॥ આપ સ્વારથ એ સહુ કો મલ્યા, મ કર પરાઇ રે વાત ॥ કાં૦ ॥ ॥ ૨ ॥ દોહિલો દીસે રે ભવ માણસ તણો, શ્રાવક કુલ અવતાર ॥ પ્રાપ્તિ પૂરી રે ગુરૂ ગિરૂઆ તણી, નહીં તુજ વારો રે વાર ॥ કાં૦ ॥ ૩ ॥ પુણ્ય વિહૂણો રે દુઃખ પામે ઘણું, દોષ દીયે

ગિરનાર ॥ આપ કમાઈ રે પુરવ ભવતણી, નવિ સંભારે ગમાર ॥ કાં૦ ॥ ૪ ॥ કઠિન કરમને રે અહનિશ તું કરે, જેહના સબળ વિપાક ॥ તું નવિ જાણે રે કુણ ગતિ તાહરી, તે જાણે વીતરાગ ॥ કાં૦ ॥ ૫ ॥ તુજ દેખતાં રે એને જીવડા, કેઇ કેઇ ગયાં નર નાર ॥ એમ જાણીને રે નિશ્ચે જાણજો, ચેતન ચેતો ગમાર ॥ કાં૦ ॥ ૬ ॥ તેં સુખ પામ્યાં રે બહુ રમણીતણાં, અનંત અનંતી રે વાર ॥ લબ્ધ કહે રે જો જિનસું રમે, તો સુખ પામે અપાર ॥૭॥

॥ અથ જીવકર્મને શિખામણ સજ્ઝાય ॥

[illegible]

અથ પરસ્ત્રી વર્જ્જન સજ્ઝાય ॥ ધણુરા ઢોલા એ દેશી ॥

શીખ સુણો પીઉ માહરી રે, તુજને કહું કર જોડ ॥ ધણુરા ઢોલા ॥પ્રીત મ કર પરનારી શું રે, આવે પગ પગ ખોડ ॥ ધ૦ ॥ કહ્યું માનોરે સુજાણ કહ્યું માનો ॥ વરજ્યાં વર્જ્જો, મારા લાલ, વરજ્યાં વર્જ્જો, પરનારીનો નેહલડો નિવાર ॥ ધણુરા ઢોલા ॥ ૧ ॥ જીવ તપે જિમ વીજળી રે, મનડું ન રહે ઠામ ॥ ધ૦ ॥ કાયા દાહ મિટે નહીં રે, ગાંઠે ન રહે દામ ॥ ધ૦ ॥ ૨ ॥ નયણે નાવે નિંદ્રડીરે, આઠે પોહોર ઉદ્વેગ ॥ ધ૦ અલીઆરે ભમતો રહે રે, લાગૂ લોક અનેક ॥ ધ૦ ॥ ૩ ॥ ધાન ન ખાયે કાપતો રે, દીઠું ન રુચે નીર ॥ ધ૦ ॥ નીસાસા નાખે ઘણા રે, સાંભળ નણદીના વીર ॥ ધ૦ ॥ ૪ ॥ ભૂતળમેં નિશિ નીસરે રે, જૂરી જૂરી પિંજર હોય ॥ ધ૦ ॥ પ્રેમતણે વશ જે પડે રે, નેહ ગમે તવ રોય ॥ ધ૦ ॥ ૫ ॥ રાત દિવસ મનમાં રહે રે, જિસ્યુ અવિહડ નેહ ॥ ધ૦ ॥ વીસાર્યા નવિ વીસરે રે, દાઝે ક્ષણ ક્ષણ દેહ ॥ ધ૦ ॥ ૬ ॥ માથે બદનામી ચડે રે, લાગે કોડ કલંક ॥ ધ૦ ॥ જીવિતનો સંશય પડે રે, જૂવો રાવણ પનિ લંક ॥ ધ૦ ॥ ૭ ॥ પરનારીના સંગથીરે, ભલો ન થાયે નેડ ॥ ધ૦ ॥ જૂવો કીચક ભીમડે રે, દીધો કુંભી હેઠ ॥ ધ૦ ૮ ॥ થાયે લંપટ લાલચી રે, ઘટતી જાયે જ્યોત ॥ ધ૦ ॥ જીવ ન થાયે તેહની રે, જિમ રાયચંદ પ્રદ્યોત ॥ ધ૦ ॥ ૯ ॥ પરનારી વિષવેલડી રે. વિષફળ ભોગ સંયોગ ॥ ધ૦ ॥ આદર કરી જે આદરે રે. તેહને ભવભય રોગ ॥ ધ૦ ॥ ૧૦ ॥ વાહાલા માહરી વિનતિ રે, સાચી કરીને જાણ ॥ ધ૦ ॥ કહે જિન હરખ તુમેં સાંભળો રે. હિયડે આણિ સુજાણ ॥ ધ૦ ॥ ૧૧ ॥ ઇતિ પરસ્ત્રી વર્જ્જન સ્વાધ્યાય ॥

॥ અથ જીવને સમતા વિષે શિખામણ ॥

હો પ્રીતમજી પ્રીતકી રીત અનીત તજી ચિત્ત ધારીયેં, હો વાલમજી વચન તણો અતિ ઊંડો મરમ વિચારીયેં ॥ એ આંકણી ॥ હારે તુમેં કુમતિકે ઘર જાવો છો, તુમેં કુળમાં ખોટ લગાવો છો, ધિક્ક એંઠ જમનની ખાવો છો ॥ હો૦ ॥ ૧ ॥ અમ-

ત ત્યાગી વિષ પીઓછો, કુમતિનો મારગ લિયોછો, એ તો કાજ અયુક્ત કીયોછો ॥ હો૦ ॥ ૨ ॥ એ તો મોહ રાયકી ચેટી છે, શીવ સંપત્તિ એથી છેટી છે, એતો સાગર ગળતી પેટી છે ॥ હો૦ ॥ ૩ ॥ એક શંકા મેરે મન આવી છે, કિણ વિધ એ ચિત્ત ભાવી છે, એતો દારૂણ જગમાં થાવી છે ॥ હો૦॥ ૪ ॥ સહુ ઋદ્ધિ તમારી ખાએ છે, કરી કામણ ચિત્ત ભરમાએ છે, શુભ પુણ્યયોગે એ પાએ છે ॥ ॥ હો૦ ॥ ૫ ॥ મત આંબલ કાજ બાઉલ બોવો, અનુપમ ભવ વિરથા નવિ ખોવો, અબ ખોલ નયણ પ્રગટ જોવો ॥ હો૦ ॥ ૬ ॥ ઇણ વિધ સમતા બહુ સમજાએ, ગુણ અવગુણ કઈ સહુ દરશાએ, સુણી ચિદાનંદ નિજ ઘર આયે ॥ હો૦ ॥ ૭ ॥

॥ અથ દાન, શીલ, તપ, ભાવ સ્વાધ્યાય ॥

શ્રી મહાવીરે ભાંખીયા, સખી દાનના ચાર પ્રકાર રે ॥ દાન શિયલ તપ ભાવના, સખી પંચમ ગતિ દાતાર રે ॥ શ્રી મહા૦ ॥ ૧ ॥ દાનેં દોલત પામીયેં સખી દાને ક્રોડ કલ્યાણરે ॥ દાન સુપાત્ર પ્રભાવથી, સખી કયવન્નો શાલિભદ્ર જાણરે ॥ શ્રી મહા૦ ॥ ૨ ॥ શિયલે સંકટ સવિ ટળે, સખી શિલેં વંદિત સિદ્ધરે ॥ શિયલેં સુર સેવા કરે, સખી સોળ સતિ પરસિદ્ધરે ॥ શ્રી મહા૦ ॥ ૩ ॥ તપ તપો ભવિ ભાવશું, તપેં નિર્મળ તનરે ॥ વર્ષીપવાસી ઋષભજી, સખી ધન્નાદિક ધન્ય ધન્યરે ॥ શ્રી મહા૦ ॥ ૪ ॥ ભરતાદિક શુભ ભાવથી, સખી પામ્યા પંચમ ઠામ રે ॥ ઉદયરત્ન મુનિ તેહને, સખી નિત્ય કરે પ્રણામરે ॥ શ્રી મહાવીરે ॥ ૫ ॥

॥ સામાયિક લાભ સજ્ઝાય ॥

કર પડિક્રમણું ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન ॥ લાલરે ॥ પરભવ જાતાં જીવને, સંબલ સાચું જાણ ॥ લાલરે ॥ કર૦ ॥ ૧ ॥ શ્રી વીર મુખ ઈમ ઊચરે, શ્રેણિક રાય પ્રત્યેં જાણ ॥ લાલરે ॥ લાખ ખાંડી સોના તણી, દિયે દિન પ્રત્યેં દાન ॥ લા-

લહે ॥ ક૦ ॥ ૨ ॥ લાખ વરસ લગેં તે વળી, એમ દીયે દ્રવ્ય અપાર ॥ લા૦ ॥ એક સામાયિકને તોલેં, નાવે તેહ લગાર ॥ લા૦ ॥ ક૦ ॥ ૩ ॥ સામાયિક ચઉવિસ છો, ભણું વંદન દોય દોષવાર ॥ લા૦ ॥ મન સંભારો દે આપણાં, તે ભર કર્મ નિવાર ॥ લા૦ ॥ કર૦ ॥ ૪ ॥ કર કાઉસ્સગ્ગ શુભ ધ્યાનથી, પચ્ચખ્ખાણ સૂધું વિચાર ॥ લા૦ ॥ દોય સજ્ઝાયેં તે વળી, ટાળો ટાળો અતિચાર ॥ લા૦ ॥ કર૦ ॥ ૫ ॥ શ્રી સામાયિક પ્રતાપથી, લહિયેં અમર વિમાન ॥ લાલરે ॥ ધર્મસિંહ મુનિ એમ ભણે, એ છે મુક્તિ નિદાન ॥ લાલરે ॥ કર૦ ॥ ૬ ॥

॥ અથ છીંક વિચાર સજ્ઝાય ॥

॥ દેશી ચોપાઈની ॥ છીંક શુકનનો કહું વિચાર, શુગુરૂ સમીપ સુણ્યો મેં સાર ॥ આગળમાં જો છીંકજ હોય, અશુભ તણી જાણે વે હોય ॥ ૧ ॥ પહેલા શુકન હુવાં શુભ ઘણાં, છીંક હુઆં નિઃફળ તે તણાં ॥ છીંકજ હુઆ પછી વે જાણ, શુકન હુઆં તે કરો પ્રમાણ ॥ ૨ ॥ ડાબી છીંક હોય અર્ધ ફળ કહે, જમણી છીંક બુરી સઉ કહે ॥ પૂઠે છીંક સુખદાયક સહી, ઘણી છીંક તે નિઃફળ કહી ॥ ૩ ॥ હાંસે ભય ઉપાધીયેં કરી, હઠ ધર્યો મનમાંહે ધરી ॥ એક છીંક તે નિઃફળ જાણ, કુતર છીંક તો નિઃખર આણ ॥ ૪ ॥ મંજાર છીંક તે મરણજ કરે, ઈસી છીંક કષ્ટકારી સરે, ॥ વસ્તુ વેચતાં છીંકજ હોય, આણ્યું કરીયાણું મોંઘું હોય ॥ ૫ ॥ વસ્તુ લેતાં છીંકજ હોય, બમણો લાભ સઘળાનો જોય ॥ ગઈ વસ્તુ જે જોવા જાય, છીંક હોય તો લાભ ન થાય ॥ ૬ ॥ નવાં વસ્ત્ર વળી પેહેરતાં, છીંક હોયે આગળ અણ છતાં ॥ ભોજન હોમ પૂજાનું કામ, મંગલિક જે ધર્મ સુઠામ ॥ ૭ ॥ કામ એટલાં કીધાની અંત, વળી ક્રિયા કરાવે ખંત ॥ રતિ સ્નાન કરીને રહે, છીંક હોય તો પુત્રજ લહે ॥ ૮ ॥ ઋતુવતીને દીધે દાન, પછી હોવે પુત્ર નિદાન ॥ વૈરી જીતી જાયું જોય, છીંકે વૈરી સબળો હોય ॥ ૯ ॥ રોગી કાજ વૈધ તેડવા, જાતાં છીંકે જો નવ નવા ॥ તે રોગીને મૃત્યુ જાણીયે, કામ વિના વૈદ્યે નાણીયે ॥ ૧૦ વૈદ્ય રોગીને ઘરે આ-

વતાં, છીંક હોયે ઔષધ આપતાં ॥ રોગી તણો રોગ તે સમે, આહાર લેતે જમનું ગમે ॥ ૧૧ ॥ વ્યાપારે લીધે વ્યાપાર, છીંક હોય તો વૃદ્ધિ અપાર ॥ લેખું શુદ્ધ દીધું રાયને, છીંક ફોક થાયે તેહને ॥ ૧૨ ॥ પાણી પીતાં અથ પ્રીસવાદ, છીંક દૃષ્ટિ રોપ અનિવાર ॥ નવે ઘરે વસવા આવીયેં, છીંક હોયે તો ઉચાલીયેં ॥ ૧૩ ॥ વ્યાજે દ્રવ્ય કેહને આપતાં, વળી પૃથવીમાં ધન કાઢતાં ॥ કન્યા જોવા જાતાં વળી, વૃદ્ધિ હોય પુહવી મન રૂલી ॥ ૧૪ ॥ છીંક શુકન નર જાણે જેહ, પગ પગ સંપદ પામે તેહ ॥ છીંક વિચાર જાણે જે કોઈ, રૂદ્ધિ વૃદ્ધિ કલ્યાણક હોઈ ॥ ૧૫ ॥ ॥ ઇતિ છીંક વિચાર ॥

[illegible] જોવાનો યંત્ર

[illegible]	[illegible]	અગ્નિ ખુણે.
[illegible]	[illegible]	[illegible] લાભ.
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]		[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]

[illegible]

[illegible]

સતીમેંસેં બહાર નિકાલા, જંગલ કિયા ઠિકાના ॥ હ૦ ॥ ૧ ॥ હાથી ચડતે ઘોડે ચડતે, ઓર આગેં નિશાના ॥ નીલી પીલી બેરખ ચલતી, ઉત્તર કિયા પયાના ॥ હ૦ ॥ ૨ ॥ નરપતિ હોકે તખતપર બેઠે, ભરિયા ભારી ખજાના ॥ સાંજસવારે મુજરા લેતે, ઉપર હાથ બેકાના ॥ હ૦ ॥ ૩ ॥ પોથી પઢ પઢ હિંદુ ભૂલે, મુસલમાન કુરાના ॥ રૂપચંદ કહે અરે ભાઈ સંતો, હરદમ પ્રભુ ગુણ ગાના ॥ હ૦ ॥ ૪ ॥

॥ અથ ભાવ સ્વાધ્યાય ॥

ધન્ય ધન્ય તે દિન માહરો ॥ એ દેશી ॥

રે ભવિ ભાવ હૃદય ધરો, જે છે ધર્મનો ધોરી ॥ એકલ મલ્લ અખંડ જે, કાપે કર્મની દોરી ॥ રે ભવિ૦ ॥ ૧ ॥ દાન શિયલ તપ ત્રણ એ, પાતક મળ ધોવે ॥ ભાવ જો ચોથો નવિ મળે, તો તે નિષ્ફલ હોવે ॥ રે ભવિ૦ ॥ ૨ ॥ વેદ પુરાણ સિદ્ધાંતમાં, ષટ્ દર્શન ભાંખે ॥ ભાવ વિના ભવ સંતતિ, પડતાં કોણ રાખે ॥ રે ભવિ૦ ॥ ૩ ॥ તારક રૂપ એ વિશ્વમાં, ઝંપે જગ ભાણ ॥ ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિર્વાણ ॥ રે ભવિ૦ ॥ ૪ ॥ ઔષધ આય ઉપાય જે, મંત્ર યંત્રને મૂળી, ભાવે સિદ્ધ હોવે સદા, ભાવ વિણ સહુ ધૂળી ॥ રે ભવિ૦ ॥ ૫ ॥ ઉદય રત્ન કહે ભાવથી, કોણ કોણ નર તરિયા ॥ શોધી જોજો સૂત્રમાં, સજ્જન ગુણ દરિયા ॥ રે ભવિ૦ ॥ ૬ ॥

॥ અથ વીશ સ્થાનકનો તપનો સજ્ઝાય ॥

॥ શ્રીસીમંધર સાહેબ આગેં ॥ એ દેશી ॥ અરિહંત પહેલે થાનક ગણીયેં, બીજે પદ સિદ્ધાણં ॥ ત્રીજે પવયણ આયરિય ચોથે, પાંચમે પદ થેરાણં રે ॥ ભવિયાં ॥ વીશ થાનક તપ કીજેં ॥ ઓલી વીશ કરીજેં રે ॥ ભ૦ ॥ ગણણું એહ ગણીજેં રે ॥ ભ૦ ॥ જિમ જિનપદ પામીજેં રે ॥ ભ૦ ॥ નર ભવ લાહો લીજેં રે ॥ ભ૦ ॥ વી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ઉવજ્ઝાએ છઠ્ઠે સવ્વસાહૂણં, સાતમે આઠમે નાણ ॥ નવમે દંસણ દસમે વિણયસ્સ, ચા-

રિત્ર અગિયારમે જાણ રે ॥ ભ૦ ॥ વા૦ ॥ ૨ ॥ બારમે બ્રહ્મવ્રત ધારીયે, તેરસ મે કિરિયાણં ॥ ચઉદમે તવ પન્નરમે ગોયમ, સોલસમેં નમો જીણાણં રે ॥ ભ૦ ॥ વી૦ ॥ ૩ ॥ ચારિત્તસ્સ સત્તરમે જપીયેં, અઢારસમે નાણસ્સ ॥ ઓગણીશમે નમો સુયસ્સ સંભારો, વીશમે નમો તિત્થસ્સ રે ॥ ભ૦ ॥ વી૦ ॥ ૪ ॥ એકાસણાદિક તપ દેવ વંદન, ગણણું દોય હજાર ॥ સંઘ વિનય બુધ શિષ્ય સુદર્શન, જપે એહ વિચારો રે ॥ ભ૦ ॥ વી૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ શીયલ વિષે શીખામણનો સજ્ઝાય ॥

॥ ઢાળ ॥ એતો નારી રે, બારી છે દુર્ગતિ તણી ॥ છાંડ સંતત કે મુરખ તું પરસ્ત્રી તણી ॥ જીવ ભોળા રે, ડોળા તેહશું મ મ કરે ॥ શીખ માની રે, છાની વાત તું પરિહરે ॥ ૧ ॥ ત્રુટક ॥ એ વાત કરીશ પરનારી સાથે, લોક સહુ હિરે અછે ॥ રાય રાંક યક ન રહયા રાનેં, મુર્ખ નહીં એમ પછે ॥ એ મદનમાતી વિષવતી. જેવી નાગી કામિની ॥ પાઙશું તા તણી મુખ દેખાડે, પછે પછતાઈ ભામિની ॥ [illegible]

રખ આંખેં દેઈ, શણગાર ભાર એમેં ધરયા ॥ એ ઉલટી જુદા, આંખેં પીહુા, કાન કૂપા મગ ભરયા ॥ નારી અધિ પુરૂષ માખણ, બોલ બોલતાં પીગરે ॥ શ્રી દેહમાં શું સાર દીઠો, મૂઢ મહિમાં શું કરે ॥ ૮ ॥ ઢાળ ॥ ઉદ્દિધ વાઘો રે, જુઠ અજ્ઞાની પાપિઓ ॥ આને નરગહ રે, સદ્ગ કરી વિષ વ્યાપીઓ ॥ કાં ભૂલો રે, શણગાર દેખી એહના ॥ જાણો પ્રાણી રે, એ છે દુઃખની અંગના ॥ ૯ ॥ ત્રુટક ॥ અંગના તું છાંડી છોડરે, જશ કીર્તિ સઘળે સદે ॥ કુશીલનું એ નામ લીએ કો, પરલોક દુર્ગતિ દુઃખ સહે ॥ વિજયભદ્ર બોલે જે નવિ ડોલે, શીયળધારી જે નરવરા ॥ તસ પાયેં લાગું સેવા માગું, જે જગમાંહે જયકરા ॥ ૧૦ ॥ ઇતિ ॥ શીલ સજ્ઝાય ॥

॥ અથ પ્રભાતેં વાહાણુલાં ગાવાનો સજ્ઝાય ॥

॥ મિથ્યામતિ રે રજની અસરાળકે ॥ વાહાણુલાં ભલેં વાયાં રે ॥ જીહાં ઉપે રે પ્રાણી બહુકાળ કે ॥ વહાણુાં૦ ॥ નવિ જાણે રે જીહાં યમની ફાળ કે ॥ વા૦ ॥ તિહાં પામે રે પગ પગ જંજાળ કે ॥ વા૦ ॥ ૧ ॥ જીહાં ઝડપે રે ક્રોધ દવની ઝાળ કે ॥ વા૦ ॥ માનરૂપી રે અજગર વિકરાળ કે ॥ વા૦ ॥ ડંસે માયા રે સાપણી રોપાળ કે ॥ વા૦ ॥ જીહાં ચાવો રે લોભ રૂપ ચંડાળ કે ॥ વા૦ ॥ ૨ ॥ રાગાદિક રે રાક્ષસ મહાવૃંદ કે ॥ વા૦ ॥ આઠ કર્મના રે જીહાં માંડ્યા ફંદ કે ॥ વા૦ ॥ જીહાં દેખે રે દુરગતિ દુઃખ દંદ કે ॥ વા૦ ॥ નવી દીસે રે જીહાં જ્ઞાન દિણંદ કે ॥ વા૦ ॥ ૩ ॥ ધસમસતાં રે જીહાં વિષયની જાળ કે ॥ વા૦ ॥ લીપે લૂંટી રે નગણે પલિવાસ કે ॥ વા૦ ॥ અટવી અનંતી રે જીહાં વિકટ ઉજાડ કે ॥ વા૦ ॥ ચાલે નહી રે જીહાં વ્રતની વાડ કે ॥ વા૦ ॥ ૪ ॥ નિરખંતારે શ્રીજિનમુખ નૂર કે ॥ વા૦ હવે ઉગ્યો રે મહાસમકેત સૂર કે ॥ વા૦ ॥ દુખદાયી રે દોષિ ગયા દૂર કે ॥ વા૦ ॥ વળી પ્રગટ્યા રે પુણ્યતણા અંકૂર કે ॥ વા૦ ॥ ૫ ॥ સુતા જાગો રે દેસવિરતિના કંત કે ॥ વા૦ ॥ વળી જાગોરે સર્વવિરતિ ગુણવંત કે ॥ વા૦ ॥ તમે ભેટો રે ભાવેં ભગવંત કે ॥ વા૦ ॥ પડિક્કમણાં રે કરો પુણ્યવંત કે ॥ વા૦ ॥

૬ ॥ તમે લેજો રે દેવગુરુનું નામ કે ॥ વા૦ ॥ વળી કરજો રે તમે ધર્મનાં કામ કે ॥ વા૦ ॥ ગુરૂજનના રે ગાઓ ગુણગ્રામ કે ॥ વા૦ ॥ પ્રેમ ધરીને રે કરો પૂજ્ય પ્રણામ કે ॥ વા૦ ॥ ૭ ॥ તમે કરજો રે દશવિધ પચ્ચખાણ કે ॥ વા૦ ॥ તુમે સુણજો રે શ્રીસૂત્રવખાણ કે ॥ વા૦ ॥ આરાધો રે શ્રી જિનની આણ કે ॥ વા૦ ॥ જિમ પામો રે શિવપુર સંડાણકે ॥ વા૦ ॥ ૮ ॥ સાંભળીને રે શ્રીમુખની વાણ કે ॥ વા૦ ॥ તમે કરજો રે સહી સફળ વિહાણ કે ॥ વા૦ ॥ વદે વાચક રે ઉદયરત્ન સુજાણ કે ॥ વા૦ ॥ એહ ભણતાં રે લહીયે કોડ કલ્યાણ કે ॥ વા૦ ॥ ૯ ॥ ઇતિ ॥ વાહુણુલા ॥

॥ અથ વૈરાગ્ય સજ્ઝાય ॥

કોઉ કાજ ન આવે રે દુનિયાંકે લોકો, કોઉ કાજ ન આવે ॥ જૂઠી બાતકા આનિ ભરોંસા, પીછેસેં પસ્તાવે રે ॥ દુ૦ ॥ ૧ ॥ મતલબકી સબ મલિ લોકાઈ, બહોતહિ રંગ બાનાવે રે ॥ દુ૦ ॥ ૨ ॥ અપના અર્થ ન દેખે સો તો, પલકમેં પીઠ દેખાવે રે ॥ દુ૦ ॥ ૩ ॥ બાજીગરકી બાજી જેસા, અજબ દિમાક દેખાવે રે ॥ દુ૦ ॥ ૪ ॥ દેખો દુનિયાં સકલ ખીલીહે ચુંદીં મન લલચાવે રે ॥ દુ૦ ॥ ૫ ॥ જિને જાન્યા તિને આપ પિછાન્યા, બે ખબરી દુઃખ પાવે રે ॥ દુ૦ ॥ ૬ ॥ હંસ સયાને એક સાંચું કર, ઝાહેકું જિમ ન લાવે રે ॥ દુ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

॥ અથ ચૈતન્ય શિક્ષાભાસ પ્રારંભ ॥

॥ આપ વિચારજો આતમા, ભ્રાંતે નું ભૂલે; અથિર પદારથ ઉપરે, ફોગટ શું ફુલે ॥ આ૦ ॥ ૧ ॥ ઘટમાંહે છે ઘટધણી, એસો મનનો ભાંબો ॥ બોલે તે બીજો નથી, એને ધરી તાઓ ॥ આ૦ ॥ ૨ ॥ પામીશ તું પાનેથકી, બાહેર શું ખોળે ॥ એમે કાં તું બુડવા, માયાની ઓળે ॥ આ૦ ॥ ૩ ॥ પ્રીછ્યા વિનુ કેમ પામીયે, મુજ મુરખ પ્રાણી ॥ પીવાયે કિમ પશલીયે, ઝાંઝવાનાં પાણી ॥ આ૦ ॥ ૪ ॥ આપ સ્વરુપ ન ઓળખે, માયામાંહે ઝુલે ॥ ગરથ પોતાની ગાંઠનો, વ્યાજમાં જિમ ડૂલે

॥ આ૦ ॥ ૫ ॥ જોતાં નામ ન જાણિયે, નહિ રૂપ ન રેખ ॥ જગમાંહે તે કેમ જડે, અરૂપી અલેખ ॥ આ૦ ॥ ૬ ॥ અંધ તણી પેરે આફુલે, સઘળા સંસારી ॥ અંતરપટ આડો રહે, કોણ જુવે વિચારી ॥ આ૦ ॥ ૭ ॥ પહેલે પાછું કરી, પછી જોને નિહાળી ॥ નજરે દેખીશ નાથને, તેહશું લે તાળી ॥ આ૦ ॥ ૮ ॥ બંધણ હારો કો નથી, નથી છોડાવણ હારો ॥ પ્રવૃત્તેં બાંધીયેં પોતે, નિવૃત્તેં નિસ્તારો ॥ આ૦ ॥ ૯ ॥ ભેદાભેદ બુદ્ધ કરી, ભાસે છે અનેક ॥ ભેદ તજીને જો ભજે, તો દીસે એક ॥ આ૦ ॥ ૧૦ ॥ કાળે ધોળું ભેળીયે, તો તે થાયે બે રંગુ ॥ બે બેરંગે બૂડે સહિ, મન ન રહે ચંગુ ॥ આ૦ ॥૧૧॥ મન મરે નહિ જિહાં લગેં, ઘૂમે મદ ઘેર્યો ॥ તબ લગેં જગ ભૂલ્યું ભમે, ન મરે ભવ ફેરો ॥ આ૦ ॥ ૧૨ ॥ ઉંઘ તણે જોરે કરી, શું બોલો સુહણે ॥ જાગી બેસી ઉંઘને, ખોળી જોને ખૂણે ॥ આ૦ ॥ ૧૩ ॥ ત્યારે જગમાં તુજ વિના, બીજો નવી દીસે ॥ ભિન્ન ભાવ મટી ગયા, સેહેજે ગુજગીશેં ॥ આ૦ ॥ ૧૪ ॥ મારું તારું નવિ કરે, સહુથી રહે ન્યારો ॥ ઇણે એંધાણે ઓળખ્યો, પ્રભુ તેહને પ્યારો ॥ આ૦ ॥ ૧૫ ॥ સિદ્ધ દિશાયેં સિદ્ધને, મળીયેં એકાંતિ ॥ ઉદયરત્ન કહે આતમા, તો ભાંગે ભ્રાંતિ ॥ આ૦ ॥ ૧૬ ॥ ઇતિ ચૈતન્યશિક્ષાભાસ સંપૂર્ણ ॥

॥ અથ વૈરાગ્ય સજ્ઝાય ॥ રાગ આશાવરી ॥

કિસીકું સબ દિન સરખે ન હોય ॥ પ્રહઉગત અસ્તગત દિનકર, દિનમેં અવસ્થા દોય ॥ કિ૦ ॥ ૧ ॥ હરિ બલિભદ્ર પાંડવ નળરાજા, રહે ખટખંડ રિદ્ધિ ખોય ॥ ચંડાળકે ઘર પાણી આણ્યું, રાજા હરિચંદ જોય ॥ કિ૦ ॥ ૨ ॥ ગર્વ મ કર તું મૂઢ અભાગા, ચેતન પરત સબ કોય ॥ સમય સુંદર કહે અંતર પ્રગટ સુખ, સાચો જિનધર્મ સોય ॥ કિ૦ ॥ ૩ ॥ ઇતિ વૈરાગ્ય સજ્ઝાય ॥

॥ અથ નિદ્રાનો સજ્ઝાય ॥

બેટી મોહ નરિંદકી, નિદ્રા નામેં વિખ્યાત બે ॥ ધર્મ કેર-લિ પાપકી, ન સમે ધર્મની વાત બે ॥ નિંદ ન કહે જે સજ્ઝ-

નાં, સજ્જનાં બે દુઃખભંજના બે ॥ ટેક ॥ નિ૦ ૧ ॥ ઘેરે સઘળા જીવને, જિહાં જમનો પાસ બે ॥ જા ઘડિ નિંદ ન પાઇયેં, તા ઘડિ પ્રભુકો વાસ બે ॥ નિ૦ ॥ ૨ ॥ આળસ ઉમરાવ એહનો, જાલિમ જોદ્ધ જુવાન બે ॥ દૂત બગાસૂં જાણજો, ચાલે આગેવાન બે ॥ નિ૦ ॥ ૩ ॥ જાતિ પાંચ છે જેહની, પસરી વિધ પ્રમાણ બે ॥ કેવળી વિના એક જેહની, કોઈ ન લોપે આણ બે ॥ નિ૦ ॥ ૪ ॥ કર્મેં ન આવે ઢૂંકડી, ધર્મેં પાડે ભંગાણ બે ॥ વાજાં વાજે જિહાં ઉંઘનાં, તિહાં હોય સુખની હાણ બે ॥ નિ૦ ॥ ૫ ॥ ઉદય રત્ન કહે ઉંઘને, જીત્યાનો એહ ઉપાય બે ॥ પહેલા આહાર જો જીતિયે, તો નિદ્રાવશ થાય બે ॥૬॥નિ૦॥ઇતિ॥

॥ અથ વૈરાગ્ય સજ્ઝાય ॥

પ્રાણી કાયા માયા કારમી, કૂડો છે કુટુંબ પરિવારરે જીવડલા ॥ સમરણ કીજેં સિદ્ધનું ॥ માહરૂં માહરૂં મ કર રે માનવી, પંથ વહેલું પરસે પાર રે જીવડલા ॥ સમ૦ ॥ ૧ ॥ પ્રાણી સહુને વળાવે સાંકલ્યા, મળિયા છે મોહને સંબંધ રે જીવડલા ॥ પ્રાણી આયુ ક્ષયેં અળગાં થયાં, ધીકો એવો સંસારી ધંધ રે જી૦ ॥ સમ૦ ॥ ૨ ॥ પ્રાણી કાષ્ઠ પરેં રે કાયા બળે, વળી કેશ બળે જેમ ઘાસ રે ॥ જી૦ ॥ પ્રાણી માનવી મર્કટ વૈરાગીયા, વળી પડે માયા વિશ્વાસ રે જી૦ ॥ સમ૦ ॥ ૩ ॥ પ્રાણી પડાઇ ઉડે જીવ ઉપરેં, દોરી પવન બળે લેઇ જાય રે જી૦ ॥ પ્રાણી ત્રૂટી દોરી સંધાય છે, આઉખું ત્રૂટું ન સંધાય રે જી૦ સમ૦ ॥ ૪ ॥ પ્રાણી કાચે કુંભે પાણી કેમ રહે, હંસ ઉડી જાય કાય રે જી૦ ॥ પ્રાણી આશા અતિઘણી આદરે, થાવા વાળો તેહિજ થાયરે જી૦ ॥ સમ૦ ॥ ૫ ॥ પ્રાણી જેને ઘરે નોબત ગડગડે, ગાવે વળી ખટ રાગ રે જી૦ ॥ પ્રાણી ગોખેં તેહને ઘૂમતા, શૂન્ય થયે વળી ઉડે કાગ રે જી૦ ॥ સમ૦ ॥ ૬ ॥ પ્રાણી એમ સંસાર અસાર છે, સારમાં શ્રીજિનધર્મ સાર રે જી૦ ॥ પ્રાણી શાંતિ સમર સમતા ધરી, ચાર ત્યજી વળી આદરો ચારરે જી૦ ॥ સમ૦ ॥ ૭ ॥ પ્રાણી પાંચે તજો રે પાંચે ભજો, ત્રણ્ય છપો ત્રણ ગુણધાર રે જી૦ ॥ પ્રાણી રયણી ભોજન પરિહરો, સાત

વ્યસન તજો સુવિચાર રે જી૦ ॥ સમ૦ ॥ ૮ ॥ પ્રાણી સમતા કરો છ કાયાની, સાંભળો સદ્ગુરુની વાણ રે ॥ જી૦ ॥ પ્રાણી સાચી શીખામણ એહ છે, એમ કહે છે મુનિ કલ્યાણ રે જી૦ ॥ સમ૦ ॥ ૯ ॥ ઇતિ ॥

॥ અથ ધોબીડાનો સજ્ઝાય ॥

ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે, રખે રાખતો મેલ લગાર રે ॥ એણે રે મેલેં જગ મેલો કર્યો રે, અણધોયું ન રાખે લગાર રે ॥ ધો૦ ॥ ૧ ॥ જિનશાસન સરોવર સોહામણું રે, સમકિત તણી રુડી પાળ રે ॥ દાનાદિક ચારે બારણાં રે, માંહી નવતત્ત્વ કમળ વિશાળ રે ॥ ધો૦ ॥ ૨ ॥ તિહાં ઝીલે મુનિવર હંસલા રે, પીયે છે તપ જપ નીર રે ॥ શમ દમ આદે જે સિલારે, તિહાં પખાલે આતમ ચીર રે ॥ ધો૦ ॥ ૩ ॥ તપવજે તપ તડકે કરી રે, જાળવજે નવબ્રહ્મ વાડ રે ॥ છાંટા ઉડાડે પાપ અઢારના રે, એમ ઉજળું હોશે તતકાળ રે ॥ ધો૦ ॥ ૪ ॥ આલોયણ સાબૂડો સૂધો કરે રે, રખે આવે માયા શેવાળ રે ॥ નિશ્ચેં પવિત્રપણું રાખજે રે, પછે આપણા નિયમ સંભાળ રે ॥ ધો૦ ॥ ૫ ॥ રખે મૂકતો મન મોકળું રે, પડ મેલીને સંકેલ રે ॥ સમય સુંદરની શીખડી રે, સુખડી અમૃતવેલ રે ॥ ધો૦ ॥ ૬ ॥

॥ અથ બાહુબલજીનો સજ્ઝાય ॥

